b. The Borrower agrees that the proceeds of the Loan shall be utilized for the reason mentioned in the Loan Application and the Schedule hereunder **('Purpose')** and in accordance with applicable law.

ઋણધારક સંમત થાય છે કે લોનની રકમનો ઉપયોગ લોનની અરજીમાં અને અહીં આપેલા શેડ્યૂલ ('હેતુ')માં ઉલ્લેખિત કારણોસર અને લાગુ કાયદા અનુસાર કરવામાં આવશે.

3. DISBURSEMENT:

વિતરણ:

a. The disbursement of the Loan may be made directly to the Borrower in one lump sum as per the details provided under the Loan Application and Schedule, subject to the terms and conditions contained herein.
લોનની અરજી અને શેડ્યૂલ હેઠળ આપવામાં આવેલી વિગતો અનુસાર, લોનનું વિતરણ સીધું જ ઋણધારકને એક જ રકમમાં કરી શકાય છે, જે અહીં આપેલા નિયમો અને શરતોને આધીન રહેશે.

b. The disbursement of the Loan shall be made in accordance with the National Electronic Funds Transfer ('NEFT')/Real Time Gross Settlement ('RTGS') business hours as notified by the RBI from time to time. The Company shall not in any event or circumstance be liable or be construed as being liable in case there is any delay(s) in disbursement of the Loan.
લોનનું વિતરણ RBI દ્વારા સમયાંતરે સૂચિત નેશનલ ઇલેક્ટ્રોનિક ફંડ ટ્રાન્સફર ('NEFT')/રીઅલ ટાઇમ ગ્રોસ સેટલમેન્ટ ('RTGS')ના કામકાજી સમય અનુસાર કરવામાં આવશે. જો લોનના વિતરણમાં કોઈ વિલંબ થાય તો કંપની કોઈપણ ઘટના કે સંજોગોમાં જવાબદાર રહેશે નહીં અથવા તેને જવાબદાર ગણવામાં આવશે નહીં.

c. The Loan amount specified in the Schedule shall be disbursed to the Borrower(s) in full in the first disbursement. The Borrower is entitled to prepay the disbursed/withdrawn amount as per his/her discretion. Subject to Prepayment of the Loan on or before the Due Date/s, the Borrower can withdraw amount from the loan account up to the Drawing Limit for the relevant month.
શેડ્યૂલમાં ઉલ્લેખિત લોનની રકમ પ્રથમ વિતરણમાં ઋણધારક(કો)ને સંપૂર્ણપણે વિતરિત કરવામાં આવશે. ઋણધારક પોતાની વિવેકબુદ્ધિ અનુસાર વિતરિત/પાછી ખેંચેલી રકમની પૂર્વચુકવણી માટે હકદાર છે. લોનની આગોતરી ચુકવણી નિયત તારીખ/ખો પર અથવા તે પહેલાં કરવામાં આવે તો, ઋણધારક લોન એકાઉન્ટમાંથી સંબંધિત મહિના માટે ઉપાડ મર્યાદા સુધીની રકમ ઉપાડી શકે છે.

d. The Drawing Limit will be arrived on the basis of deduction of the Dropline Amount along with other withdrawals from the relevant Drawing Limit and addition of principal prepaid by Borrower in the Drawing Limit.
ડ્રોપલાઇન રકમની કપાત તેમજ સંબંધિત ઉપાડ મર્યાદામાંથી અન્ય ઉપાડ અને ઋણધારક દ્વારા ઉપાડ મર્યાદામાં ચુકવવામાં આવેલી મુખ્ય રકમના ઉમેરાના આધારે ઉપાડ મર્યાદા નક્કી કરવામાં આવશે.

e. Drawing Limit shall be communicated to the Borrower in the Welcome Letter or such other mode as decided by the Company which shall become a part and parcel of Loan Documents.
ઋણધારકને સ્વાગત પત્ર અથવા કંપની દ્વારા નક્કી કરાયેલ અન્ય કોઈ પદ્ધતિ દ્વારા ઉપાડ મર્યાદા જણાવવામાં આવશે જે લોન દસ્તાવેજોનો એક ભાગ અને હિસ્સો બનશે.

4. INTEREST:

વ્યાજ:

a. The Borrower shall pay interest on the Loan on the Due Date at the applicable Interest Rate. Subject to the commencement of Due Date with respect to the Loan, all interest accruing on the principal amount not yet due under the Loan shall accrue from day to day and shall be calculated on a reducing balance based on the relevant repayment schedule or on actual number of days lapsed as the case may be.
ઋણધારક લોન પર લાગુ થતા વ્યાજ દરે નિયત તારીખે વ્યાજ ચુકવશે. લોનના સંદર્ભમાં ચુકવણીની નિયત તારીખ શરૂ થવાને આધીન, લોન હેઠળ હજુ સુધી ચુકવવાની બાકી ન હોય તેવી મૂળ રકમ પર ઉપાર્જિત થતું તમામ વ્યાજ દરરોજ વધશે અને તેની ગણતરી સંબંધિત પરત ચુકવણી શેડ્યૂલ અથવા વાસ્તવમાં વીતી ગયેલા દિવસોની સંખ્યાના આધારે ઘટતા બેલેન્સ પર કરવામાં આવશે.

b. Subject to Clause 4(c) of this Agreement, the Interest Rate stipulated in the Schedule shall remain fixed during the Loan Tenure.

આ કરારની કલમ 4(c)ને આધીન, લોનની મુદત દરમિયાન શેડ્યૂલમાં નિર્ધારિત વ્યાજ દર અચલ રહેશે.

c. The Company shall be entitled to revise the Interest Rate at any time and from time to time as per its policy, if any, during the Loan Tenure, at its sole discretion or due to change in the regulatory requirements including any guidelines/regulations issued by RBI and such revised Interest Rate shall be deemed to form part of the Loan and the Borrower shall also be liable to pay such revised amount of interest on the Loan in such manner and within such period as may be determined by the Company in its sole discretion. Any revision in the Interest Rate shall be effective from a prospective date and the Company shall provide a prior written notice osuch revision to the Borrower and the same shall be binding on the Borrower and Guarantor.

કંપનીને લોનની અવધિ દરમિયાન, તેની નીતિ મુજબ (જો કોઈ હોય તો), પોતાની સંપૂર્ણ સ્વવિવેક સત્તા હેઠળ અથવા રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBI) દ્વારા જારી કરવામાં આવેલ માર્ગદર્શિકા/નિયમો સહિતના નિયમનકારી આવશ્યકતાઓમાં થતા ફેરફારોને કારણે, કોઈપણ સમયે અને સમયાંતરે વ્યાજ દરમાં ફેરફાર કરવાનો અધિકાર રહેશે. આવો સુધારેલ વ્યાજ દર લોનનો અભિન્ન ભાગ માનવામાં આવશે અને ઉધાર લેનાર કંપની દ્વારા તેની સંપૂર્ણ સ્વવિવેક સત્તા હેઠળ નક્કી કરાયેલી રીત અને અવધિમાં તે મુજબના સુધારેલ વ્યાજની ચુકવણી કરવા માટે જવાબદાર રહેશે. વ્યાજ દરમાં કરાયેલ કોઈપણ ફેરફાર ભાવિ તારીખથી અમલમાં આવશે અને કંપની આવા ફેરફાર અંગે ઉધાર લેનારને અગાઉથી લેખિત સૂચના આપશે. આવી સૂચના અને સુધારેલ વ્યાજ દર ઉધાર લેનાર તથા જામીનદાર બંને માટે બાધ્યકારી રહેશે.

5. ADMIN & PROCESSING FEE:

વહીવટી અને પ્રક્રિયા ફી:

The Borrower has expressed his consent without any coercion or undue influence to pay to the Company all charges in relation to the processing and sanctioning of the Loan as mentioned in the Schedule of this Agreement as agreed by the Borrower at the time of submitting the application to the Company. The admin & processing fee shall not be refundable to the Borrower under any circumstances, even if the Loan is not availed or not granted by the Company subsequent to sanction of a loan.
કંપનીને અરજી રજૂ કરતી વખતે ઋણધારક દ્વારા સંમત થયા મુજબ, આ કરારના શેડ્યૂલમાં ઉલ્લેખિત લોનની પ્રક્રિયા અને મંજૂરી સંબંધિત તમામ ખર્ચ કંપનીને ચુકવવા માટે ઋણધારકે કોઈપણ બળજબરી અથવા અનુચિત પ્રભાવ વિના પોતાની સંમતિ વ્યક્ત કરી છે. લોન મંજૂર થયા પછી લોન લેવામાં ન આવે અથવા કંપની દ્વારા આપવામાં ન આવે તો પણ, કોઈપણ સંજોગોમાં ઋણધારકને વહીવટી અને પ્રક્રિયા ફી પરત કરવામાં આવશે નહીં.

6. REPAYMENT:

પરત ચુકવણી:

a. The Borrower agrees to pay the Instalments and the Outstanding Dues to the Company on or before the Due Date using the Repayment Modes as set out in **Schedule.**

ઋણધારક શેડ્યૂલમાં દર્શાવેલ ચુકવણીની પદ્ધતિઓનો ઉપયોગ કરીને નિયત તારીખે અથવા તે પહેલાં કંપનીને હપ્તા અને બાકી લેણાં ચુકવવા સંમત થાય છે.

b. The Borrower shall be liable to pay the interest only on the Due Date in the event of the availability of Drawing Limit on the relevant Due Date of a month. However, on a particular Due Date of the relevant month, if no Drawing Limit is available, the Borrower is liable to pay interest together with the differential amount between the Dropline Amount and the Drawing Limit available in the preceding Due Date.
જો મહિનાની સંબંધિત નિયત તારીખે ઉપાડ મર્યાદા ઉપલબ્ધ હોય, તો ઋણધારક ફક્ત નિયત તારીખે જ વ્યાજ ચુકવવા માટે જવાબદાર રહેશે. જોકે, સંબંધિત મહિનાની ચોક્કસ નિયત તારીખે, જો કોઈ ઉપાડ મર્યાદા ઉપલબ્ધ ન હોય, તો ઋણધારક ડ્રોપલાઇન રકમ અને અગાઉની નિયત તારીખમાં ઉપલબ્ધ ઉપાડ મર્યાદા વચ્ચેના તફાવતની રકમ સાથે વ્યાજ ચુકવવા માટે જવાબદાર રહેશે.

c. The Company will share the repayment schedule to the Borrower along with Welcome Letter and the same will also be shared with the Borrower by the Company, on the revision of repayment schedule consequent to the Prepayment or withdrawal of Loan amount, through electronic/such other mode as decided by the Company and the repayment schedule shall be part and parcel of Loan Documents.
લોનની રકમની આગોતરી ચુકવણી અથવા ઉપાડના પરિણામે ચુકવણીના શેડ્યૂલમાં સુધારો થાય તો, કંપની દ્વારા ઋણધારકને પર ચુકવણીનું શેડ્યૂલ અને સ્વાગત પત્ર શેર કરવામાં આવશે અને કંપની દ્વારા નક્કી કરાયેલી ઇલેક્ટ્રોનિક/અન્ય કોઈપણ પદ્ધતિ દ્વારા પણ ચુકવણીનું શેડ્યૂલ શેર કરવામાં આવશે અને ચુકવણીનું શેડ્યૂલ લોન દસ્તાવેજોનો એક ભાગ અને હિસ્સો રહેશે.

d. Preclosure request of Borrower in writing may be allowed by the Company at its sole discretion, on such terms as to Preclosure as it may prescribe and on receipt of Preclosure Charge in full.
ઋણધારક દ્વારા લેખિતમાં કરવામાં આવતી પ્રીક્લોઝર વિનંતીને કંપની તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, અને સૂચવવામાં આવી હોઈ શકે તેવી પ્રીક્લોઝર જેવી શરતોએ, અને પ્રીક્લોઝર ચાર્જ સંપૂર્ણ પ્રાપ્ત થયા પછી મંજૂરી આપી શકે છે.

e. The Preclosure request shall be submitted in writing to the Company 21 (twenty one) days before the proposed date of Preclosure by the Borrower. Preclosure cannot be made until the period specified in the Schedule.
ઋણધારક દ્વારા પ્રીક્લોઝરની પ્રસ્તાવિત તારીખના 21 (એકવીસ) દિવસ પહેલાં પ્રીક્લોઝરની વિનંતી કંપનીને લેખિતમાં જમા કરાવવાની રહેશે. શેડ્યૂલમાં ઉલ્લેખિત સમયગાળા સુધી પ્રીક્લોઝર કરી શકાતું નથી.

f. The Preclosure is subject to realisation of the cheques/mandate shown in the statement of account and Preclosure Charges on the assumption that all the payments have been remitted towards the Loan Agreement, failing which, the same will be reversed and become payable along with cheque/mandate bounce charges, Penal Charges and other charges as applicable.
સ્ટેટમેન્ટમાં ઉલ્લેખિત ચેક/મેન્ડેટ અને પ્રીક્લોઝર ચાર્જની વસૂલાતને આધીન પ્રીક્લોઝર થશે અને એવી ધારણા પર કે તમામ ચુકવણી લોન કરાર પેટે આવી છે, જેની નિષ્ફળતાના પ્રસંગે, તે ઉલટાવી દેવામાં આવશે અને ચેક/મેન્ડેટ બાઉન્સ ચાર્જ, દંડ ચાર્જ અને લાગુ પડતા અન્ય ચાર્જ સાથે ચુકવવાપાત્ર બનશે.

g. On Preclosure of Loan, no Drawing Limit will be available to the Borrower.
લોન પ્રીક્લોઝર થવા પર, ઋણધારકને કોઈ ઉપાડ મર્યાદા ઉપલબ્ધ નહીં રહે.

h. In the event of the Borrower failing to pay the principal amount of the Loan and/or interest and /or any other amount payable under this Agreement and/or balance of the Loan as the case may be on or before the respective Due Dates under this Agreement, the Company shall classify the loan account as special mention account (SMA)/ non performing account (NPA) or under such other category as per the applicable guidelines of the Reserve Bank of India (RBI) at the end of Due Date. The basis for classification of SMA and NPA categories and the example for the same are as mentioned in the Schedule.

જો ઋણધારક લોનની મૂળ રકમ અને/અથવા વ્યાજ અને/અથવા કરાર હેઠળ ચુકવવામાં આવતી કોઈ અન્ય રકમ અને ચાર્જ (જો કોઈ હોય તો) સંબંધિત નિયત તારીખ પર અથવા તે પહેલાં ચુકવવામાં નિષ્ફળ જાય, તો કંપની નિયત તારીખના અંતે ભારતીય રિઝર્વ બેંક (RBII) ની લાગુ માર્ગદર્શિકા અનુસાર લોન

એકાઉન્ટને સ્પેશિયલ મેન્શન એકાઉન્ટ (SMA)/નોન પરફોર્મિંગ એકાઉન્ટ (NPA) અથવા આવી અન્ય શ્રેણી હેઠળ વર્ગીકૃત કરશે. SMA અને NPA શ્રેણીઓના વર્ગીકરણનો આધાર અને તેના માટેનું ઉદાહરણ શેડ્યૂલમાં આપવામાં આવેલ છે.

7. MODE OF REPAYMENT:

પરત ચુકવણીની પદ્ધતિ:

a. The instructions for the Mandate as provided by the Borrower shall be open ended and will cover the maximum principal amount under the Loan and other Outstanding Dues thereon. The Company may, at the request of the Borrower in writing, agree to change the Repayment Mode. The Borrower understands and agrees that an Annual Maintenance Charge shall have to be paid by the Borrower on an annual basis at the rate as mentioned in **Schedule.**

ઋણધારક દ્વારા આપવામાં આવેલા મેન્ડેટ માટેની સૂચનાઓ ઓપન એન્ડેડ રહેશે અને લોન હેઠળ મહત્તમ મૂળ રકમ અને તેના પરના અન્ય બાકી લેણાંને આવરી લેશે. ઋણધારકની લેખિત વિનંતીને ધ્યાનમાં રાખીને કંપની, ચુકવણીની પદ્ધતિ બદલવા માટે સંમત થઈ શકે છે. ઋણધારક સમજે છે અને સંમત થાય છે કે ઋણધારક દ્વારા વાર્ષિક ધોરણે શેડ્યૂલમાં દર્શાવેલા દરે વાર્ષિક મેન્ટેનન્સ (જાળવણી) ચાર્જ ચુકવવાનો રહેશે.

b. In the event the Borrower defaults in payment of the Instalment/Outstanding Dues or the credit rating of the Borrower falls below the required criteria fixed by the Company as per its internal policy or the Borrower or for any other reason deemed fit by the Company, the Company shall be entitled to disallow further withdrawals under the loan

જો ઉધાર લેનાર હપ્તાની ચુકવણી અથવા બાકી લેણાંની ચૂકવણીમાં ડિફોલ્ટ કરે, અથવા કંપનીની આંતરિક નીતિ મુજબ નક્કી કરાયેલા જરૂરી માપદંડ કરતાં ઉધાર લેનારની ક્રેડિટ રેટિંગ નીચી જાય, અથવા કંપનીને યોગ્ય લાગે તેવા અન્ય કોઈ કારણસર, કંપનીને લોન હેઠળ આગળની કોઈપણ રકમ ઉપાડવાની મંજૂરી ન આપવાનો અધિકાર રહેશે.

c. Notwithstanding anything contained in this Agreement, the Company has a right to take action against the Borrower in case of default by the Borrower in payment of Monthly Instalments through Mandates. The Borrower confirms having perused, understood the Company's method of calculating the interest on the Loan on reducing balance rate and also the calculation of the Monthly Instalments and setting of Drawing Limit.

આ કરારમાં કંઈપણ સામેલ હોવા છતાં, જો મેન્ડેટ દ્વારા માસિક હપ્તાની ચુકવણીમાં ઋણધારક ડિફોલ્ટ થાય તો તેવા કિસ્સામાં ઋણધારક સામે કાર્યવાહી કરવાનો કંપનીને અધિકાર છે. ઋણધારક પુષ્ટિ કરે છે કે, તેમણે લોન પરના ઘટતા બેલેન્સ દર પર વ્યાજની ગણતરી કરવાની કંપનીની પદ્ધતિનો, અને માસિક હપ્તાની ગણતરી અને ઉપાડ મર્યાદા નક્કી કરવાની પદ્ધતિનો અભ્યાસ કર્યો છે, સમજી છે.

d. Notwithstanding anything contained in this Agreement, the Company may at any time in its sole discretion and without assigning any reason whatsoever, call upon the Borrower to pay the Outstanding Dues and thereupon the Borrower shall pay the entire Outstanding Dues to the Company without any delay or demur. The liability of the Borrower to the Company shall not be discharged until and unless the Borrower has paid or discharged the Outstanding Dues owed to the Company under this Agreement.

આ કરારમાં સમાવિષ્ટ કોઈપણ જોગવાઈ હોવા છતાં, કંપનીને કોઈપણ સમયે, પોતાની સંપૂર્ણ સ્વવિવેક સત્તા હેઠળ અને કોઈપણ કારણ દર્શાવ્યા વિના, ઉધાર લેનારને બાકી લેણાં (Outstanding Dues)ની સંપૂર્ણ ચુકવણી કરવા માટે સૂચના આપવાનો અધિકાર રહેશે. આવી સૂચના મળ્યા બાદ ઉધાર લેનાર કોઈપણ વિલંબ કે વાંધા વગર કંપનીને તમામ બાકી લેણાંની સંપૂર્ણ ચુકવણી કરશે. ઉધાર લેનારની કંપની પ્રત્યેની જવાબદારી ત્યાં સુધી સમાપ્ત ગણાશે નહીં જ્યાં સુધી આ કરાર હેઠળ કંપનીને ચૂકવવાના તમામ બાકી લેણાંની સંપૂર્ણ ચુકવણી અથવા સમાપ્તિ કરવામાં આવી ન હોય.

e. The Instalments shall automatically change by reason of change in any rates, taxes, charges, imposts, levies and monies whatsoever that are or may be levied on the Instalments or the transaction contemplated hereunder or may become payable by the Borrower by virtue of this Agreement. Such change in the Instalments due to change in the rates, taxes, charges, imposts, levies and monies as stated above shall be effected only prospectively and the same shall automatically form part of the Loan.
હપ્તાઓ અથવા આ હેઠળના વ્યવહાર દ્વારા વસૂલવામાં આવતા હોય અથવા લાદવામા આવી શકે અથવા આ કરારના આધારે ઋણધારક દ્વારા ચુકવવાપાત્ર હોય તેમાં અથવા બની શકે તેવા કોઈપણ દર, કર, ચાર્જ, લાદેલ કર, અને નાણાંમાં ફેરફારના કારણે હપ્તાઓ આપમેળે બદલાશે. ઉપર જણાવ્યા મુજબ દરો, કર, ચાર્જ, લાદેલ કર, લેવી અને નાણાંમાં ફેરફારને કારણે હપ્તામાં થતા આવા ફેરફાર ફક્ત સંભવિત રીતે જ લાગુ કરવામાં આવશે અને તે આપમેળે લોનનો ભાગ બનશે.

f. Any dispute or difference of any nature whatsoever shall not entitle the Borrower to withhold or delay payment of any Instalments or other sum and the Company shall be entitled to present the Mandates to the bank of the Borrower on the Due Dates.
કોઈપણ પ્રકારના વિવાદ અથવા તફાવતના પગલે ઋણધારકને કોઈપણ હપ્તા અથવા અન્ય રકમની ચુકવણી રોકવા અથવા વિલંબ કરવાનો અધિકાર મળશે નહીં અને કંપની નિયત તારીખે ઋણધારકની બેંકમાં મેન્ડેટ રજૂ કરવા માટે હકદાર રહેશે.

g. The Borrower understands, confirms and agrees that the Company shall, at its sole discretion, at multiple occasions and on different dates, present in the Borrower's bank account, the Mandate or any other electronic or other clearing Mandate (given by the Borrower in favour of the Company covering all the Outstanding Dues) which returns unpaid, for recovering the Outstanding Dues from the Borrower and until realization of all Outstanding Dues. The Borrower agrees and undertakes that the Borrower shall not dispute, complain or object to such presentations by the Company.
ઋણધારક સમજે છે, પુષ્ટિ આપે છે અને સંમત થાય છે કે કંપની, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, અનેક પ્રસંગોએ અને જુદી જુદી તારીખે, ઋણધારકના બેંક એકાઉન્ટમાં, મેન્ડેટ અથવા કોઈપણ અન્ય ઇલેક્ટ્રોનિક અથવા અન્ય ક્લિયરિંગ મેન્ડેટ (કંપનીની તરફેણમાં ઋણધારક દ્વારા આપવામાં આવેલ જે તમામ બાકી લેણાંને આવરી લે છે) રજૂ કરશે જે ઋણધારક પાસેથી બાકી સમગ્ર બાકી લેણાંની વસૂલાત સુધી, ચુકવણી વગર પરત આવે છે. ઋણધારક સંમત થાય છે અને બાંયધરી આપે છે કે ઋણધારક કંપની દ્વારા આવી રજૂઆતોનો વિવાદ, ફરિયાદ અથવા વાંધો ઉઠાવશે નહીં.

h. The Borrower understands and agrees that return of Mandate or any other electronic or other clearing Mandate, will result in Bounce Charges being added to the Outstanding Dues. Notwithstanding anything contained in this Agreement, levy of Bounce Charges shall not preclude the Company from enforcing its rights or remedies under the Payments and Settlement Systems Act, 2007 or under any other Applicable Law.

ઉધાર લેનાર સમજે છે અને સંમત થાય છે કે મેન્ડેટ અથવા અન્ય કોઈ ઇલેક્ટ્રોનિક અથવા ક્લિયરિંગ મેન્ડેટ પરત ફરવા, અસ્વીકારિત થવા અથવા નિષ્ફળ જવાના કિસ્સામાં, બાઉન્સ ચાર્જ વસૂલ કરવામાં આવશે અને તે બાકી લેણાંમાં ઉમેરવામાં આવશે. આ કરારમાં સમાવિષ્ટ કોઈપણ જોગવાઈ હોવા છતાં, બાઉન્સ ચાર્જ વસૂલ કરવાથી કંપનીને ચુકવણી અને સમાધાન પ્રણાલી અધિનિયમ, 2007 અથવા અન્ય કોઈ લાગુ પડતા કાયદા હેઠળ ઉપલબ્ધ તેના અધિકારો અથવા ઉપાયો અમલમાં મૂકવાના અધિકારથી વંચિત કરવામાં આવશે નહીં.

i. It is agreed and understood by the Borrower that non-presentation of any of the Mandate by the Company due to any reason whatsoever shall not affect the liability of the Borrower to repay the amount payable under this Agreement. The Company shall not, in any way, be responsible for the delay, omission or neglect in encashment, damage or loss of any Mandates (already given or to be given by the Borrower to the Company in terms hereof) for any reason whatsoever.

ઋણધારક સંમત થાય છે અને સમજે છે કે કોઈપણ કારણોસર કંપની દ્વારા કોઈપણ મેન્ડેટ રજૂ ન કરવાથી આ ધિરાણ કરાર હેઠળ ચુકવવાપાત્ર રકમ પરત ચુકવવાની ઋણધારકની જવાબદારી પર કોઈ અસર થશે નહીં. કંપની, કોઈપણ રીતે, કોઈપણ કારણોસર કોઈપણ મેન્ડેટ (જે આ શરતો મુજબ ઋણધારક દ્વારા કંપનીને પહેલાંથી જ આપવામાં આવ્યા છે અથવા આપવામાં આવનાર છે)ના રોકડીકરણમાં વિલંબ, ચૂક અથવા ઉપેક્ષા માટે જવાબદાર રહેશે નહીં.

j. All sums payable by the Borrower to the Company shall be paid without any deductions whatsoever at such place or through any payment mode as the Company may specify and shall be paid so as to enable the Company to realise the sum on or before the Due Date.

કંપનીને ઋણધારક દ્વારા ચુકવવાપાત્ર હોય તેવી બધી રકમ કોઈપણ કપાત વિના, કંપની દ્વારા નિર્દિષ્ટ કરેલા સ્થળે અથવા કોઈપણ ચુકવણીની પદ્ધતિ દ્વારા ચુકવવાની રહેશે અને એવી રીતે ચુકવવાની રહેશે કે જેથી કંપની નિયત તારીખે અથવા તે પહેલાં રકમ પ્રાપ્ત કરી શકે.

8. PENAL CHARGES:

દંડનીય ચાર્જ:

Without prejudice to the Company's rights of termination and any other rights under this Agreement, the Borrowers shall pay to the Company, Penal Charges levied, on the amounts under default, at the rate mentioned in the Schedule hereof, on occurrence of any delay in payment of the installment/s or any other Outstanding Dues from the Due Date to the date of actual full payment of such defaulted amounts to the satisfaction of the Company ("Penal Charges")

આ કરાર હેઠળ કંપનીના અંત લાવવાનાના અધિકારો અને અન્ય કોઈપણ અધિકારો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા આવ્યા વિના, ઋણધારક કંપનીને, હપ્તા/ઓ અથવા અન્ય કોઈપણ બાકી લેણાંની ચુકવણીમાં કોઈપણ વિલંબ થવા પર, કંપનીના સંતોષ માટે આવી ચૂક થયેલ રકમની વાસ્તવિક સંપૂર્ણ ચુકવણીની તારીખથી, આમાના શેડ્યૂલમાં ઉલ્લેખિત દરે ચૂક હેઠળની રકમ પર લાદવામાં આવેલા ("દંડનીય ચાર્જ") ચુકવશે.

9. APPROPRIATION:

વિનિયોજન:

The Company shall have a right to appropriate any payment due and payable under the Loan Agreement and made by the Borrower towards dues in any order the Company deems fit, towards the following:

કંપનીને આ લોન કરાર હેઠળ ઋણધારક દ્વારા બાકી રકમ માટે કરવામાં આવતી કોઈપણ ચુકવણી, કંપની યોગ્ય માને તે કોઈપણ ક્રમમાં, નીચેના માટે વિનિયોજન કરવાનો અધિકાર રહેશે:

a. Repayment of principal due.

બાકી મુદ્દલ રકમની પરત ચુકવણી.

b. Interest.

વ્યાજ.

c. Penal Charges.

દંડનીય ચાર્જ

d. Interest on costs, charges, expenses and other monies.

કિંમતો, ચાર્જ, ખર્ચાઓ અને અન્ય નાણાં પર વ્યાજ.

e. Costs, charges, expenses and other monies.

કિંમતો, ચાર્જ, ખર્ચાઓ અને અન્ય નાણાં.

10. EVENTS OF DEFAULT:

ચૂકની ઘટનાઓ:

(a) The Borrower shall be deemed to have committed an act of default if the Borrower does not comply with his/her obligations as mentioned in this Agreement and also on the happening of any one or more of the following events, (each an 'Event of Default' and collectively 'Events of Default'):

જો ઋણધારક આ કરારમાં ઉલ્લેખિત તેની/તેણીની જવાબદારીઓનું પાલન ન કરે અને નીચેની કોઈપણ એક અથવા વધુ ઘટનાઓ (દરેક 'ડિફૉલ્ટની ઘટના' અને સામૂહિક રીતે 'ડિફૉલ્ટની ઘટનાઓ') બને તો ઋણધારકે ડિફૉલ્ટનું કૃત્ય કર્યું હોવાનું માનવામાં આવશે:

a. If the Borrower fails to pay any Instalments or the Outstanding Dues under this Agreement on or before the Due Date or commits breach of any of the terms, covenants or conditions contained in this Agreement
જો ઋણધારક આ કરાર હેઠળ નિયત તારીખે અથવા તે પહેલાં કોઈપણ હપ્તા અથવા બાકી લેણાં ચુકવવામાં નિષ્ફળ જાય અથવા આ કરારમાં સમાવેલી કોઈપણ શરતો, કરારો અથવા શરતોનો ભંગ કરે

b. If it is found that the Borrower commits a default of any of the terms and conditions in respect of any other loan or facility provided by the Company and/or any Affiliates of the Company;
જો ઋણધારક કંપની અને/અથવા કંપનીના કોઈપણ સહયોગીઓ દ્વારા પૂરી પાડવામાં આવેલ કોઈપણ અન્ય લોન અથવા સુવિધાના સંદર્ભમાં કોઈપણ નિયમો અને શરતોનું ઉલ્લંઘન કરતા હોવાનું જાણવા મળે;

c. If there exists any circumstances which in the opinion of the Company prejudicially affects or may affect the Company's interest or the Borrower's ability to repay the Loan;

જો કંપનીના મતે, એવા કોઈ સંજોગો હોય જે કંપનીના હિતને અથવા લોન ચુકવવાની ઋણધારકની ક્ષમતાને પ્રતિકૂળ અસર કરતા હોય અથવા અસર કરી શકે તેમ હોય;

d. In the opinion of the Company, the Borrower/Guarantor have withheld any critical information in relation to the Loan;
કંપનીના મતે, ઋણધારક/જામીનદારે લોન સંબંધિત કોઈપણ મહત્વપૂર્ણ માહિતી છુપાવી હોય; અથવા

e. If the Borrower/Guarantor repudiates or evidences an intention to repudiate this Agreement or any other related document;
જો ઋણધારક/જામીનદાર આ કરાર અથવા અન્ય કોઈપણ સંબંધિત દસ્તાવેજનો ઇનકાર કરે છે અથવા તેનો ઇનકાર કરવાનો ઇરાદો દર્શાવે

f. If the Borrower/Guarantor disputes any of the terms under this or any other agreement entered into with the Company; or
જો ઋણધારક/જામીનદાર કંપની અથવા તેના સહયોગીઓ સાથે કરવામાં આવેલા આ અથવા અન્ય કોઈપણ કરાર હેઠળની કોઈપણ શરતો પર વિવાદ કરે છે; અથવા

g. If the Loan or any part thereof is utilized for any purpose other than the purpose for which it is applied by the Borrower and sanctioned by the Company;
જો લોન અથવા તેના કોઈપણ ભાગનો ઉપયોગ ઋણધારક દ્વારા જે હેતુ માટે અરજી કરવામાં આવેલ હોય અને કંપની દ્વારા મંજૂર કરવામાં આવેલ હોય તે સિવાયના કોઈપણ હેતુ માટે કરવામાં આવે;

h. If the status of the Borrower or Guarantor changes from resident to non resident;
;જો ઋણધારક અથવા જામીનદારનો દરજ્જો નિવાસીથી બિન-નિવાસી થાય;

i. If any attachment, distress, execution or other process against the Borrower/ Guarantor is enforced or levied upon;
જો ઋણધારક/જામીનદાર સામે અથવા તેના પર કોઈપણ જપ્તી, ઉપદ્રવ, અમલ અથવા અન્ય પ્રક્રિયા લાગુ કરવામાં આવે અથવા લાદવામાં આવે;

j. If the Borrower or the Guarantor is charged or convicted by any Court of law or Government authorities for any offence;
જો ઋણધારક અથવા જામીનદારને કોઈપણ કાયદાની કોર્ટ અથવા સરકારી સત્તાવાળાઓ દ્વારા કોઈપણ ગુના માટે દોષિત ઠેરવવામાં આવે અથવા સજા કરવામાં આવે;

k. On the death/lunacy or any other legal in capacity of the Borrower/Guarantor;
ઋણધારક/જામીનદારના મૃત્યુ/પાગલપણા અથવા અન્ય કોઈપણ કાનૂની અસમર્થતા પર;

l. If the Borrower compounds with his/her creditors or permits any attachment or other processes against any of his/her assets or properties;
જો ઋણધારક તેના/તેણીના લેણદારો સાથે જોડાણ કરે છે અથવા તેની/તેણીની કોઈપણ સંપત્તિ અથવા મિલકતો સામે કોઈપણ જપ્તી અથવા અન્ય પ્રક્રિયાઓની મંજૂરી આપે છે;

m. if the Borrower/ Guarantor commits an act of insolvency or if the Borrower and/or Guarantor is/are declared insolvent or bankrupt or if a receiver or official assignee is appointed in respect of any property or estate of the Borrower/Guarantor or if the Borrower/ Guarantor asks for any application for declaring himself an insolvent or if an application for declaring the Borrower/Guarantor as insolvent is made or any order is passed by any competent count or authority for taking the Borrower/ Guarantor into insolvency

જો ઉધાર લેનાર/જામીનદાર દેવાળિયાપણાનું કોઈ કૃત્ય કરે, અથવા ઉધાર લેનાર અને/અથવા જામીનદારને દેવાળિયા અથવા નાદાર જાહેર કરવામાં આવે, અથવા ઉધાર લેનાર/જામીનદારની કોઈ મિલકત અથવા સંપત્તિના સંદર્ભમાં કોઈ રિસીવર અથવા સત્તાવાર અસાઇનીની નિમણૂક કરવામાં આવે, અથવા ઉધાર લેનાર/જામીનદાર પોતાને નાદાર જાહેર કરવા માટે અરજી કરે, અથવા ઉધાર લેનાર/જામીનદારને નાદાર જાહેર કરવા માટે કોઈ અરજી કરવામાં આવે, અથવા કોઈ સક્ષમ અદાલત અથવા સત્તાધિકારી દ્વારા ઉધાર લેનાર/જામીનદારને દેવાળિયાપણાની કાર્યવાહી હેઠળ લેવા માટે કોઈ આદેશ પસાર કરવામાં આવે, તો તે ડિફોલ્ટની ઘટના ગણાશે.

Cholamandalam Investment and Finance Company Ltd.
ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ,
Chola Crest, Plot Nos. C 54-55 & Super B-4, Thiru.Vi.Ka Industrial Estate,
Guindy, Chennai - 600032. India. Email: customercare@chola.murugappa.com
Guindy, Chennai - 600032. India. ઈમેલ: customercare@chola.murugappa.com
Toll- Free No.: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576
ટોલ-ફ્રી નં.:: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576

n. If any legal proceedings are pending or threatened against the Borrower/Guarantor or convicted/ charged by any court of law/any government authorities for any offence or breach/violation of any law or regulations etc
જો ઋણધારક/જામીનદાર સામે કોઈ કાનૂની કાર્યવાહી બાકી હોય અથવા ધમકી આપવામાં આવી હોય અથવા કોઈપણ કાયદા અથવા નિયમનોના કોઈપણ ગુના અથવા ભંગ/ઉલ્લંઘન વગેરે માટે કોઈપણ કોર્ટ/કોઈપણ સરકારી સત્તાવાળાઓ દ્વારા દોષિત ઠેરવવામાં આવ્યા હોય/આરોપ લગાવવામાં આવ્યો હોય

(b) If any event of default or any event which would constitute an event of default happens, the Borrower shall forthwith give the Companynotice thereof within 3 (Three) days in writing specifying the occurrence of such event of default. The Borrower/Guarantor shall also promptly inform the Company if and when any statutory notice under any law or of any suit or legal process intended to be filed/initiated against the Borrower/Guarantor is received by the Borrower/Guarantor within 3 (Three) days of receipt of such notice.

જો કોઈ ચૂકની ઘટના બને અથવા એવી કોઈપણ ઘટના બને જે ચૂકની ઘટના બનવા તરીકે ગણી શકાય, તો ઋણધારક કંપનીને 3 (ત્રણ) દિવસની અંદર લેખિતમાં નોટિસ આપશે જેમાં આવી ચૂકની ઘટનાનો ઉલ્લેખ કરશે. ઋણધારક/જામીનદાર વિરુદ્ધ વ્યવસાય આટોપવા અંગે કોઈપણ દાવો અથવા કાનૂની પ્રક્રિયા દાખલ/શરૂ કરવા અપેક્ષિત હોવા અંગે કોઈ કાનૂની સૂચના (નોટિસ) ઋણધારક/જામીનદારને પ્રાપ્ત થાય, તો પણ ઋણધારક/જામીનદાર આવી નોટિસ મળ્યાના 3 (ત્રણ) દિવસની અંદર કંપનીને તાત્કાલિક જાણ કરશે.

(c) On the question of whether any of the above events/circumstances has occurred, the decision of the Company shall be final, conclusiveand binding on the Borrower and Guarantor.

ઉપરોક્ત કોઈપણ ઘટના/સંજોગો બન્યા છે કે કેમ તે પ્રશ્ન પર, કંપનીનો નિર્ણય અંતિમ, નિર્ણાયક અને ઋણધારક અને જામીનદાર માટે બંધનકર્તા રહેશે.

11. TERMINATION AND COMPANY'S OTHER RIGHTS:

સમાપ્તિ અને કંપનીના અન્ય અધિકારો:

Upon the **occurrence** of the Event of Default and at any time thereafter, if any such event shall be continuing, the Company may:

ડિફૉલ્ટની **ઘટના** બને ત્યારે અને તે પછી કોઈપણ સમયે, જો આવી કોઈ ઘટના ચાલુ રહેશે, તો કંપની:

a. **Notice:** In case of any default in repayment including an occurrence of any of the aforesaid Events of Default, the Company shall cause a 7 days' notice to be issued to the Borrower/Guarantor at his address as registered with the Company. The notice shall be deemed to be served on the Borrower/Guarantor on the second working day following the date of posting or the actual date of receipt whichever is earlier even if the notice so served returns unserved for whatever reason and the confirmation from any authorized officer of the Company for having posted the notice to the Borrower/Guarantor shall be final and binding in this regard.
નોટિસ: ઉપરોક્ત કોઈપણ ડિફૉલ્ટ ઘટનાઓ સહિત ચુકવણીમાં કોઈપણ નાદારીના કિસ્સામાં, કંપની ઋણધારક/જામીનદારને કંપનીમાં નોંધાયેલા તેમના સરનામે 7 દિવસની નોટિસ જારી કરશે. નોટિસ પોસ્ટ કર્યાની તારીખ પછીના બીજા કામકાજના દિવસે અથવા પ્રાપ્તિની વાસ્તવિક તારીખ, જે પણ પહેલાં હોય તે દિવસે

ઋણધારક/જામીનદારને બજાવવામાં આવી હોવાનું માનવામાં આવશે, ભલે ગમે તે કારણોસર બજાવવામાં આવેલી નોટિસનો અમલ ન થાય અને કંપનીના કોઈપણ અધિકૃત અધિકારી દ્વારા ઋણધારક/જામીનદારને નોટિસ પોસ્ટ કર્યાની પુષ્ટિ આ સંદર્ભમાં અંતિમ અને બંધનકર્તા રહેશે..

b. accelerate the repayment of the Loan including the Outstanding Dues;
બાકી લેણાં સહિત લોનની પરત ચુકવણીની કામગીરીમાં ઝડપ લાવશે;

c. place the Loan on demand or declare all the Outstanding Dues payable by the Borrower in respect of the Loan to be due and payable immediately;
લોનને માંગ પર મૂકશે અથવા લોનના સંદર્ભમાં ઋણધારક દ્વારા ચુકવવાપાત્ર તમામ બાકી લેણાં તાત્કાલિક ચુકવવાપાત્ર હોવાનું જાહેર કરશે;

d. recover the charges for dishonour of the Repayment Modes, Penal Charges and any other penal charges from the Borrower as mentioned in Schedule;
શેડ્યૂલમાં ઉલ્લેખિત ચુકવણીની પદ્ધતિઓ, દંડનીય ચાર્જ અને અન્ય કોઈપણ દંડનીય ચાર્જના અનાદર બદલ ઋણધારક પાસેથી ચાર્જ વસૂલ કરશે;

e. terminate this Agreement;
તેનો કરાર સમાપ્ત કરશે;

f. exercise such other rights and remedies as may be available to the Company under law during the pendency of the Loan including without limitation under Section 138 of the Negotiable Instruments Act, 1881 and under Section 25 of Payment and Settlement Systems Act, 2007; and/or
નેગોશિયેબલ ઇન્સ્ટ્રુમેન્ટ્સ એક્ટ, 1881 ની કલમ 138 અને પેમેન્ટ ઓફ સેટલમેન્ટ સિસ્ટમ એક્ટ, 2007 ની કલમ 25 હેઠળની મર્યાદા વગર, પડતર દરમિયાન કાયદા હેઠળ કંપની પાસે ઉપલબ્ધ હોય તેવા અન્ય અધિકારો અને ઉપાયોનો ઉપયોગ કરશે; અને/અથવા

g. stipulate such other condition(s) or take such other action(s) as the Company deems fit.
કંપનીને યોગ્ય લાગે તેવી અન્ય શરતો (શરતો) નક્કી કરશે અથવા અન્ય પગલાં લેશે.

12. COMPANY'S OTHER RIGHTS:

કંપનીના અન્ય અધિકારો:

a. Without prejudice to all other rights as the Company or any of the third parties appointed by the Company may have under this Agreement and under law, on the occurrence of an Event of Default, the Company, its authorised representatives, agents, and third parties as appointed by the Company are authorised to use the contact details provided by the Borrower/Guarantor to get in touch with the Borrower/Guarantor (including the third parties including the family members of the Borrower/Guarantor) whose information the Borrower/Guarantor has provided to the Company. Also, the Borrower/Guarantor may be sent reminders from time to time for settlement of any Outstanding Dues by post, fax, telephone, email, SMS text messaging or through whatsapp message to mobile number.

આ કરાર હેઠળ અને કાયદા હેઠળ કંપની અથવા કંપની દ્વારા નિયુક્ત કરાયેલા કોઈપણ તૃતીય પક્ષના અન્ય તમામ અધિકારોને પૂર્વગ્રહ રાખ્યા વિના, ડિફૉલ્ટની ઘટના બને ત્યારે, કંપની, તેના અધિકૃત પ્રતિનિધિઓ, એજન્ટો અને કંપની દ્વારા નિયુક્ત કરાયેલા તૃતીય પક્ષો ઋણધારક/જામીનદાર (ઋણધારક/જામીનદારના પરિવારના સભ્યો સહિતના તૃતીય પક્ષો સહિત)નો સંપર્ક કરવા માટે ઋણધારક/જામીનદાર દ્વારા પૂરી પાડવામાં આવેલી સંપર્કની વિગતોનો ઉપયોગ કરવા માટે અધિકૃત છે, કે જેમની માહિતી ઋણધારક/જામીનદાર દ્વારા કંપનીને પૂરી પાડવામાં આવી હોય. ઉપરાંત, ઋણધારક/જામીનદારને કોઈપણ બાકી લેણાંની પતાવટ માટે સમયાંતરે ટપાલ, ફેક્સ, ટેલિફોન, ઈમેલ, SMS ટેક્સ્ટ મેસેજિંગ અથવા મોબાઇલ નંબર પર વોટ્સએપ મેસેજ દ્વારા રિમાઇન્ડર મોકલી શકાય છે.

b. Without prejudice to the rights of the Company to initiate any legal proceedings for recovery of the outstanding, the Borrower and the Guarantor expressly accepts that the Company shall be entitled to appoint third parties as it may deem fit and such third parties can carry out all or any of its functions, rights and powers under this Loan Agreement including the authority to collect dues by the Borrower, without any prior consent of the borrower.
બાકી રકમની વસૂલાત માટે કોઈપણ કાનૂની કાર્યવાહી શરૂ કરવાના કંપનીના અધિકારો પ્રત્યે પૂર્વગ્રહ રાખ્યા વગર, ઋણધારક અને જામીનદાર સ્પષ્ટપણે સ્વીકારે છે કે કંપની યોગ્ય લાગે તે રીતે તૃતીય પક્ષોની નિમણૂક કરવા હકદાર રહેશે અને આવા તૃતીય પક્ષો, ઋણધારકની કોઈપણ પૂર્વ સંમતિ વિના, આ લોન કરાર હેઠળ તેના તમામ અથવા કોઈપણ કાર્યો, અધિકારો અને સત્તાઓનો ઉપયોગ કરી શકે છે, જેમાં ઋણધારક દ્વારા બાકી રકમ વસૂલવાની સત્તાનો સમાવેશ થાય છે.

c. Notwithstanding the above the Company is authorised at any time, without presentment, demand, protest or other notice of any kind to the Borrower/Guarantor, any such notice being expressly waived, to set off and to appropriate and apply any and all monies lying or deposited or held by the Company. The Borrower/Guarantor agrees, declares and confirms that, notwithstanding any of the provisions of Applicable Law, or any terms and conditions to the contrary contained in this Agreement, the Company may, at its absolute discretion, appropriate any payments made by the Borrower/Guarantor under this Agreement or any amounts realised by the Company by enforcement of security or otherwise, towards the dues payable by the Borrower to the Company under this Agreement and/or other agreements entered into between the Borrower/Guarantor and the Company and in any manner whatsoever.
ઉપરોક્ત સામેલ હોવા છતાં, કંપની કોઈપણ સમયે, કોઈપણ પ્રકારની રજૂઆત, માંગ, વિરોધ અથવા અન્ય સૂચના આપ્યા વિના, ઋણધારક/જામીનદારને, આવી કોઈપણ સૂચના સ્પષ્ટપણે માફ કર્યા વગર, કંપની પાસે પડેલા, જમા કરાયેલા અથવા રાખવામાં આવેલા કોઈપણ અને તમામ નાણાંને સેટ-ઓફ કરવા અને યોગ્ય અને લાગુ કરવા માટે અધિકાર ધરાવે છે. ઋણધારક/જામીનદાર સંમત થાય છે, ઘોષણા કરે છે અને પુષ્ટિ આપે છે કે, લાગુ કાયદાની કોઈપણ જોગવાઈઓ, અથવા આ કરારમાં સમાવિષ્ટ કોઈપણ નિયમો અને શરતો હોવા છતાં, કંપની, તેની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી, આ કરાર હેઠળ ઋણધારક/જામીનદાર દ્વારા કરવામાં આવેલી કોઈપણ ચુકવણી અથવા કંપની દ્વારા સુરક્ષા લાગુ કરીને અથવા અન્યથા પ્રાપ્ત થયેલી કોઈપણ રકમનો, આ કરાર અને/અથવા ઋણધારક/જામીનદાર અને કંપની વચ્ચે થયેલા અન્ય કરારો હેઠળ ઋણધારક દ્વારા કંપનીને ચુકવવાપાત્ર બાકી રકમ માટે ઠીક લાગે તેમ કરી શકે છે.

d. In the event of the Borrower committing a default in the repayment of Outstanding Dues on the Due Dates, the Company shall have an unqualified right to disclose the name of the Borrower/Guarantor to RBI, Credit information companies and any other agency authorised in this behalf by RBI. The Borrower/Guarantor gives its consent to the Company and/or RBI and/ or Credit information companies to publish his/their name as defaulters in such manner and through such medium in their absolute discretion may think fit.
જો ઋણધારક નિયત તારીખે બાકી લેણાંની ચુકવણીમાં ડિફૉલ્ટ કરે, તો કંપનીને RBI, ક્રેડિટ ઇન્ફર્મેશન કંપનીઓ અને RBI દ્વારા આ વતી અધિકૃત કોઈપણ અન્ય એજન્સીને ઋણધારક/જામીનદારનું નામ જાહેર કરવાનો સંપૂર્ણ અધિકાર રહેશે. ઋણધારક/જામીનદાર કંપની અને/અથવા RBI અને/અથવા ક્રેડિટ ઇન્ફોર્મેશન કંપનીઓને તેમની સંપૂર્ણ વિવેકબુદ્ધિથી યોગ્ય લાગે તેમ, તેના/તેમના નામ ડિફૉલ્ટર તરીકે એવી રીતે અને એવા માધ્યમથી બહાર પાડવાની સંમતિ આપે છે.

e. In case there is a suspicion, indication of wrongdoing or fraudulent activity with respect to the loan and/or other financial transactions of the Borrower, the Company shall be entitled to conduct an audit on its own through its employee(s), agent(s) and/or an external audit through external auditor(s)/accountant(s) of Company's choice at the Borrower's costs and expenses. The Borrower shall allow the Company's employee(s), agent(s), accountant(s)/auditor(s) access to its office(s)/ premises and to all their records and furnish whatever information/records required by them for the purpose of the said audit. On the basis of the audit report(s) received by the Company from its employee(s), agent(s) and/or external auditor(s)/accountant(s) or on the basis of the relevant materials/records

available with the Company and its own investigation / assessment in the event where the audit report(s) submitted remains inconclusive or is delayed due to non-cooperation by the Borrower, the Company shall conclude on status of the loan account as a fraud or otherwise. The Company will follow the extant guidelines of the RBI in concluding the status of loan account as a fraud or otherwise.

જો લોન અને/અથવા અન્ય નાણાકીય વ્યવહારોના સંદર્ભમાં કોઈ શંકા, ગેરરીતિ અથવા છેતરપિંડીની પ્રવૃત્તિનો સંકેત મળે, તો કંપની તેના કર્મચારીઓ, એજન્ટ(ટો) અને/અથવા કંપનીની પસંદગીના બાહ્ય ઓડિટર(રો)/એકાઉન્ટન્ટ(ટો) દ્વારા બાહ્ય ઓડિટ કરવા માટે ઋણધારકના ખર્ચે અને કિંમતે પોતાની રીતે ઓડિટ કરવા માટે હકદાર રહેશે. ઋણધારક કંપનીના કર્મચારી(ઓ), એજન્ટો, એકાઉન્ટન્ટ/ઓડિટરને તેના કાર્યાલય/પરિસર અને તેમના તમામ રેકોર્ડમાં પ્રવેશ આપશે અને ઉક્ત ઓડિટના હેતુ માટે તેમને જરૂરી કોઈપણ માહિતી/રેકોર્ડ પૂરા પાડશે. કંપની દ્વારા તેના કર્મચારી(ઓ), એજન્ટો અને/અથવા બાહ્ય ઓડિટર/એકાઉન્ટન્ટ પાસેથી પ્રાપ્ત થયેલા ઓડિટ રિપોર્ટ(રિપોર્ટ્સ)ના આધારે અથવા કંપની પાસે ઉપલબ્ધ સંબંધિત સામગ્રી/રેકોર્ડ્સના આધારે અને જ્યાં ઓડિટ રિપોર્ટ(રિપોર્ટ્સ) સબમિટ કરવામાં આવ્યા હોય તે ઘટનામાં તેની પોતાની તપાસ/મૂલ્યાંકન અનિર્ણિત રહે અથવા ઋણધારક દ્વારા અસહકારને કારણે વિલંબિત થાય, તો કંપની લોન એકાઉન્ટની સ્થિતિને છેતરપિંડી અથવા અન્યથા તરીકે કરવાના નિષ્કર્ષ પર આવશે.. લોન એકાઉન્ટની સ્થિતિને છેતરપિંડી તરીકે અથવા અન્યથા નિષ્કર્ષ પર લાવવા માટે કંપની RBI ની હાલની માર્ગદર્શિકાનું પાલન કરશે.

f. In the event of the Borrower is holding more than one loan account with the Company, if one loan account of the Borrower is identified as a fraud by the Company, the Company shall be entitled to examine/conduct aforesaid audit with respect to the other accounts of Borrower.

જો ઉધાર લેનાર કંપની પાસે એકથી વધુ લોન ખાતાં ધરાવતો હોય અને કંપની દ્વારા ઉધાર લેનારના કોઈ એક લોન ખાતાને છેતરપિંડીપૂર્ણ (ફ્રોડ) તરીકે ઓળખવામાં આવે, તો કંપનીને ઉધાર લેનારના અન્ય લોન ખાતાઓના સંબંધમાં પણ ઉપરોક્ત ઓડિટ, તપાસ અથવા ચકાસણી હાથ ધરવાનો અધિકાર રહેશે.

.

g. The Company shall also be entitled to report the incidents of fraud in the loan accounts of the Borrower/its group companies to appropriate law enforcement agency(ies) such as police, other relevant authorities and/or RBI.

કંપનીને ઋણધારક/તેની જૂથ કંપનીઓના લોન એકાઉન્ટ્સમાં છેતરપિંડીની ઘટનાઓની જાણ પોલીસ, અન્ય સંબંધિત સત્તાવાળાઓ અને/અથવા RBI જેવી યોગ્ય કાયદા અમલીકરણ એજન્સી(ઓ) ને કરવાનો પણ અધિકાર રહેશે.

13. REPRESENTATIONS AND COVENANTS OF BORROWER/GUARANTOR :

ઋણધારક/જામીનદારની રજૂઆતો અને કરાર:

The Borrower/Guarantor hereby represents and covenants that during the period of this Agreement:

ઋણધારક/જામીનદાર આથી રજૂઆત કરે છે અને કરાર કરે છે કે આ કરારના સમયગાળા દરમિયાન:

a. The Borrower/Guarantor has adequate legal capacity to enter into and execute this Agreement. The Borrower/Guarantor is not restricted or prevented in any manner under any law, statute, judgment, decree, ruling, contract or otherwise from executing and undertaking the obligations in the manner provided in this Agreement. Upon execution, this Agreement shall be a valid and legally binding commitment of the Borrower/Guarantor enforceable against him in terms of this Agreement.

ઉધાર લેનાર/જામીનદાર પાસે આ કરારમાં પ્રવેશ કરવા અને તેનો અમલ કરવા માટે પૂરતી કાનૂની ક્ષમતા છે. ઉધાર લેનાર/જામીનદારને કોઈપણ કાયદો, અધિનિયમ, ચુકાદો, ડિક્રી, આદેશ, કરાર અથવા અન્ય કોઈ કારણસર આ કરાર મુજબની જવાબદારીઓ સ્વીકારવા અને તેનું પાલન કરવા માટે કોઈ રીતે પ્રતિબંધિત અથવા અવરોધિત કરવામાં

a. આવેલ નથી. આ કરાર પર હસ્તાક્ષર થયા પછી, તે ઉધાર લેનાર/જામીનદાર માટે માન્ય અને કાનૂની રીતે બંધનકારક પ્રતિબદ્ધતા ગણાશે અને આ કરારની શરતો અનુસાર તેની સામે અમલમાં મૂકી શકાશે.

b. The execution of this agreement is not in conflict with any law/constitutional documents, or with any other document which is binding on the Borrower/Guarantor.
આ કરારનો અમલ કોઈપણ કાયદા/બંધારણીય દસ્તાવેજો સાથે અથવા ઋણધારક/જામીનદાર પર બંધનકર્તા હોય તેવા કોઈપણ અન્ય દસ્તાવેજ સાથે વિરોધાભાસી નથી.

c. That all statement of accounts sent by the Company or by any other authorised representative of the Company are acceptable by the Borrower/Guarantor shall be conclusive proof of the correctness of any sum claimed to be due from the Borrower.
કંપની દ્વારા અથવા કંપનીના કોઈપણ અન્ય અધિકૃત પ્રતિનિધિ દ્વારા મોકલવામાં આવેલા તમામ એકાઉન્ટ્સ સ્ટેટમેન્ટ ઋણધારક/જામીનદાર દ્વારા સ્વીકાર્ય છે તે ઋણધારક પાસેથી બાકી રકમનો દાવો કરવામાં આવેલ કોઈપણ રકમની શુદ્ધતાનો નિર્ણાયક પુરાવો હશે.

d. That absence or infirmity of borrowing powers on the part of the person representing the Borrower or any irregularity in the exercise thereof shall not affect the rights of the Company against the Borrower under this Agreement notwithstanding such absence, infirmity or irregularity.

ઉધાર લેનારનું પ્રતિનિધિત્વ કરતી વ્યક્તિ પાસે ધિરાણ મેળવવાની સત્તાનો અભાવ હોય અથવા આવી સત્તાના ઉપયોગમાં કોઈ ખામી, અનિયમિતતા અથવા ત્રુટિ હોય, તો પણ તે આ કરાર હેઠળ ઉધાર લેનાર સામે કંપનીના અધિકારોને અસર કરશે નહીં. આવી સત્તાનો અભાવ, ખામી અથવા અનિયમિતતા હોવા છતાં, કંપનીના આ કરાર હેઠળના તમામ અધિકારો સંપૂર્ણપણે યથાવત અને અમલપાત્ર રહેશે.

e. Utilise the entire Loan only for the purpose mentioned in the Loan Application and Schedule hereunder and shall not use the same for illegal/antisocial activities and speculative purpose including investment in capital market which includes stocks, bonds and other financial securities or working capital/real estate or for purchase of gold in any form including primary gold, gold bullion, gold jewellery/coins, precious stones/metals, units of Exchange Traded Funds (ETF) and units of gold mutual fund.
ઉધાર લેનાર લોન અરજીપત્રક અને નીચે આપેલ અનુસૂચિમાં દર્શાવેલ હેતુ માટે જ સંપૂર્ણ લોનનો ઉપયોગ કરશે અને તેનો ઉપયોગ કોઈપણ ગેરકાયદેસર/સમાજવિરોધી પ્રવૃત્તિઓ અથવા સટ્ટાકીય હેતુઓ માટે નહીં કરે, જેમાં શેર, બોન્ડ્સ અને અન્ય નાણાકીય પ્રતિભૂતિઓ સહિતના મૂડીબજારમાં રોકાણ, વર્કિંગ કેપિટલ, સ્થાવર મિલકત અથવા કોઈપણ સ્વરૂપમાં સોનાની ખરીદી, જેમાં પ્રાથમિક સોનું, સોનાની લગડીઓ, સોનાના દાગીના/સિક્કા, કિંમતી પથ્થરો/ધાતુઓ, એક્સચેન્જ ટ્રેડેડ ફંડ (ETF) ના એકમો તથા ગોલ્ડ મ્યુચ્યુઅલ ફંડના એકમોનો સમાવેશ થાય છે, માટે નહીં કરે.

f. Shall obtain the prior written permission of the Company before borrowing any amount from other banks, financial institutions
અન્ય બેંકો, નાણાકીય સંસ્થાઓ પાસેથી કોઈપણ રકમ ઉધાર લેતા પહેલાં કંપનીની પૂર્વ લેખિત પરવાનગી મેળવશે.

g. All particulars, representations, declarations and information given by the Borrower/Guarantor are true, correct, complete and up to date, valid and subsisting in all respects and no information has been withheld. The Borrower/Guarantor shall provide necessary updation wherever required. Promptly notify the Company of any litigation, arbitration, administrative or other proceedings initiated against the Borrower/Guarantor.
ઋણધારક/જામીનદાર દ્વારા આપવામાં આવેલી તમામ વિગતો, રજૂઆતો, ઘોષણાઓ અને માહિતી સાચી, ઉચિત, સંપૂર્ણ અને અદ્યતન, માન્ય અને બધી રીતે અસ્તિત્વમાં છે અને કોઈપણ માહિતી છુપાવવામાં આવી નથી. જ્યાં જરૂર હોય ત્યાં ઋણધારક/જામીનદાર જરૂરી અપડેટ પ્રદાન કરશે. ઋણધારક/જામીનદાર સામે શરૂ કરવામાં આવેલ કોઈપણ મુકદ્દમા, મધ્યસ્થી, વહીવટી અથવા અન્ય કાર્યવાહીની તાત્કાલિક કંપનીને જાણ કરશે.

Cholamandalam Investment and Finance Company Ltd.
ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ,
Chola Crest, Plot Nos. C 54-55 & Super B-4, Thiru.Vi.Ka Industrial Estate,
Guindy, Chennai - 600032. India. Email: customercare@chola.murugappa.com
Guindy, Chennai - 600032. India. ઈમેલ: customercare@chola.murugappa.com
Toll- Free No.: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576
ટોલ-ફ્રી નં.:: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576

h. The Borrower/Guarantor confirms that her/his/their family members/close relatives are not a politically exposed person as defined by the KYC guidelines of RBI. The Borrower/Guarantor further undertakes to intimate the Company immediately upon any change in the above status.
ઋણધારક/જામીનદાર પુષ્ટિ કરે છે કે તેના/તેમના/તેમના પરિવારના સભ્યો/નજીકના સંબંધીઓ RBIની KYC માર્ગદર્શિકા દ્વારા વ્યાખ્યાયિત રાજકીય રીતે જાહેર વ્યક્તિ નથી. ઉપરોક્ત સ્થિતિમાં કોઈપણ ફેરફાર પર ઋણધારક/જામીનદાર કંપનીને તાત્કાલિક જાણ કરવાની ખાતરી આપે છે.

i. The Borrower hereby undertakes that he/she shall not engage directly or indirectly in any activity which is in the exclusion list of the institutions such as International Finance Corporation and Asian Development Bank or engage in any activity which could endanger or adversely impact the social and economic environment of the country.
ઋણધારક આથી બાંયધરી આપે છે કે તે/તેણી સમયાંતરે ઇન્ટરનેશનલ ફાઇનાન્સ કોર્પોરેશન અને એશિયન ડેવલપમેન્ટ બેંક જેવી સંસ્થાઓની બાકાતી યાદીમાં હોય તેવી કોઈપણ પ્રવૃત્તિમાં પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે જોડાશે નહીં અથવા એવી કોઈપણ પ્રવૃત્તિમાં સામેલ નહીં થાય જે દેશના સામાજિક અને આર્થિક વાતાવરણને જોખમમાં મૂકી શકે અથવા પ્રતિકૂળ અસર કરી શકે.

j. That the Company has a right of lien on all related accounts of the Borrower/Guarantor including such other accounts that may be entered into later/found to be related to the Borrower/Guarantor later (related accounts in this regard shall mean and include all accounts where the Borrower is a Guarantor and the Guarantor is a Borrower, under any financial facility availed from the Company). The Company shall be entitled to withhold the issuance/handling over of NOC/form -35, original title deeds/documents, no due letter and/or discharge the mortgage created on the property relating to the assets of Borrower hypothecated/mortgaged under the vehicle and/or other secured loans if any availed by the Borrower as long as there is any continuing event of default by the Borrower/Guarantor under this Loan including such other agreements that may be entered into later/found to be related to the Borrower/Guarantor under any financial facility availed from CIFCL. Accordingly, the Borrower/Guarantor hereby agrees and acknowledges that they shall be entitled to obtain the NOC/form-35, title deeds/documents, no due letter and request discharge of the said mortgage only upon full and final settlement of all outstanding dues/ charges across all agreements entered into by the Borrower/Guarantor.
કંપની પાસે ઋણધારક/જામીનદારનાં તમામ સંબંધિત એકાઉન્ટ્સ પર પૂર્વાધિકારનો અધિકાર છે, જેમાં એવા અન્ય એકાઉન્ટ્સનો સમાવેશ થાય છે જે અંગે પાછળથી વ્યવહાર કરવામાં હોય શકે / પાછળથી ઋણધારક /જામીનદાર સાથે સંબંધિત હોવાનું જાણવા મળે (આ સંદર્ભમાં સંબંધિત એકાઉન્ટ્સનો અર્થ એ થશે અને તેમાં એવા બધા એકાઉન્ટ્સનો સમાવેશ થશે જ્યાં ઋણધારક જામીનદાર હોય અને જામીનદાર કંપની પાસેથી મેળવેલી કોઈપણ નાણાકીય સુવિધા હેઠળ ઋણધારક હોય). કંપની જ્યાં સુધી આ લોન હેઠળ ઋણધારક/જામીનદાર દ્વારા ડિફૉલ્ટની કોઈ ઘટના ચાલુ રહે, કે જેમાં CIFCL પાસેથી મેળવેલી કોઈપણ નાણાકીય સુવિધા હેઠળ ઋણધારક/જામીનદાર સાથે સંબંધિત અન્ય કરારો કર્યા હોય/તેને સંબંધિત હોય તેવું મળી આવે તે સહિત સુધી, NOC/ફોર્મ-35, મૂળ માલિકી ખત/દસ્તાવેજો, ન લેણા પત્રો જારી કરવા/સોંપણી રોકવા અને/અથવા વાહન હેઠળ ગિરોપેટ/ગીરો રાખેલી લોન અને/અથવા અન્ય સુરક્ષિત લોન, જો ઋણધારક દ્વારા લેવામાં આવી હોય, તો તેની સંપત્તિ પર બનાવેલ ગીરો રદ કરવા માટે હકદાર રહેશે. તદાનુસાર, ઋણધારક/જામીનદાર આથી સંમત થાય છે અને સ્વીકારે છે કે તેઓ માત્ર ઋણધારક/જામીનદાર દ્વારા કરાયેલા તમામ કરારોમાં બાકી રહેલા તમામ લેણાં/ચાર્જની સંપૂર્ણ અને અંતિમ પતાવટ પછી NOC/ફોર્મ-35, માલિકી ખતો/દસ્તાવેજો, ન લેણા પત્ર મેળવવા માટે અને ઉક્ત ગીરોને મૂક્ત કરવાની વિનંતી કરવા માટે હકદાર રહેશે

k. The Borrower/Guarantor shall observe and perform all its obligations and covenants under this Agreement.
ઋણધારક/જામીનદાર આ કરાર હેઠળ તેની બધી જવાબદારીઓ અને કરારોનું પાલન કરશે અને તેનો અમલ કરશે.

l. The Borrower shall ensure timely payment of the Instalments to the Company and ensure that the Repayment Modes issued towards payment of the Instalments are honoured on presentation. It is the duty of the Borrower to ensure that his/her bank account has been debited towards the Instalments and in case of his/her account not been so debited, the Borrower shall be obliged to inform the Company in this regard within 3 (three) Business Days from the Due Date of such Instalment.

Cholamandalam Investment and Finance Company Ltd.
ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ,
Chola Crest, Plot Nos. C 54-55 & Super B-4, Thiru.Vi.Ka Industrial Estate,
Guindy, Chennai - 600032. India. Email: customercare@chola.murugappa.com
Guindy, Chennai - 600032. India. ઈમેલ: customercare@chola.murugappa.com
Toll- Free No.: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576
ટોલ-ફ્રી નં.:: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576

ઋણધારક કંપનીને હપ્તાઓની સમયસર ચુકવણી સુનિશ્ચિત કરશે અને ખાતરી કરશે કે હપ્તાઓની ચુકવણી માટે જારી કરાયેલ પરત ચુકવણીની પદ્ધતિઓ રજૂઆત વખતે માન્ય રાખવામાં આવી હોય. ઋણધારકની ફરજ છે કે તે ખાતરી કરે કે, તેના/તેણીના બેંક એકાઉન્ટમાંથી હપ્તાઓ કપાઈ ગયા છે અને જો તેના એકાઉન્ટમાંથી હપ્તાઓ જમા ન કપાયા હોય, તો ઋણધારક આવા હપ્તાની નિયત તારીખથી 3 (ત્રણ) કામકાજી દિવસોમાં કંપનીને આ સંદર્ભમાં જાણ કરવા માટે બંધનકર્તા રહેશે.

m. The Borrower/Guarantor shall promptly notify the Company of any change in the Borrower's/Guarantor's address, phone number, employer name, email address.
ઋણધારક/જામીનદારનાં સરનામાં, ફોન નંબર, નોકરીદાતાનું નામ, ઈમેલ સરનામામાં કોઈપણ ફેરફાર અંગે ઋણધારક/જામીનદાર તાત્કાલિક કંપનીને જાણ કરશે.

n. That the Borrower is Indian citizen ordinarily residing in India and will continue to remain so during the tenure of this loan.
કે ઋણધારક ભારતીય નાગરિક છે જે સામાન્ય રીતે ભારતમાં રહે છે અને આ લોનની મુદત દરમિયાન તેમ રહેવાનુ ચાલુ રાખશે.

o. The Borrower confirms that he/she shall ensure availability of funds in the bank account and that the Borrower will not at any time close his/her bank account until the full and final payment of the Outstanding Dues has been made to the Company by the Borrower.
ઋણધારક પુષ્ટિ કરે છે કે તે/તેણી બેંક એકાઉન્ટમાં ભંડોળની ઉપલબ્ધતા સુનિશ્ચિત કરશે અને જ્યાં સુધી ઋણધારક દ્વારા કંપનીને બાકી લેણાંની સંપૂર્ણ અને અંતિમ ચુકવણી કરવામાં ન આવે ત્યાં સુધી, ઋણધારક કોઈપણ સમયે તેનું/તેણીનું બેંક એકાઉન્ટ બંધ નહીં કરે.

p. The Borrower/Guarantor shall not change his/her name or change his/her bank account without prior written consent of the Company.
કંપનીની પૂર્વ લેખિત સંમતિ વિના ઋણધારક/જામીનદાર પોતાનું નામ બદલી શકશે નહીં અથવા બેંક એકાઉન્ટ બદલી શકશે નહીં.

q. The Borrower/Guarantor shall pay/reimburse the Company against all expenses for any purpose relating to this Agreement including any taxes pertaining to this Agreement, or the Loan and enforcing the terms thereof.
આ કરાર, અથવા લોન અને તેની શરતોના અમલીકરણ સહિત, આ કરાર સંબંધિત કોઈપણ હેતુ માટેના તમામ ખર્ચ માટે ઋણધારક/જામીનદાર કંપનીને ચુકવણી/ભરપાઈ કરશે.

r. The Borrower/Guarantor further declares that the information and data furnished bythe Borrower/Guarantor to the Company is true and correct.
ઋણધારક/જામીનદાર વધુમાં ઘોષણા કરે છે કે ઋણધારક/જામીનદાર દ્વારા કંપનીને આપવામાં આવેલી માહિતી અને ડેટા સાચા અને ખરા છે.

s. The Borrower shall pay and bear all taxes, rates, duties, charges and other imposts and obligations, existing as well as in future, in respect of the product and the transaction hereunder.
ઋણધારક ઉત્પાદન અને વ્યવહારના સંદર્ભમાં હાલના અને ભવિષ્યના તમામ કર, દર, લાગત, ચાર્જ અને અન્ય કર અને જવાબદારીઓ ચુકવશે અને ભોગવશે.

t. The Borrower/Guarantor shall do all such things and execute all such writings as the Company may require from time to time for duly or more perfectly securing the repayment of the Loan.
લોનની ચુકવણી યોગ્ય રીતે અથવા વધુ સંપૂર્ણ રીતે સુરક્ષિત કરવા માટે, ઋણધારક/જામીનદાર કંપની દ્વારા સમયાંતરે જરૂરી હોય તેવા તમામ કાર્યો કરશે અને જરૂરી તમામ લેખનનો અમલ કરશે.

u. The Borrower/Guarantor hereby agrees and gives consent for the disclosure by the Company of all or any such;
ઋણધારક/જામીનદાર આથી સંમત થાય છે અને કંપની દ્વારા તમામ અથવા અહીં આપેલ કોઈપણ જાહેર કરવા માટે સંમતિ આપે છે;

a. Information and data relating to the Borrower/Guarantor;

ઋણ લેનાર/ગેરંટર સંબંધિત માહિતી અને ડેટા;

b. Information or data relating to any credit facility availed of/to be availed, by the Borrower/Guarantor and

ઋણધારક/જામીનદાર દ્વારા મેળવેલ/મેળવવામાં આવનાર કોઈપણ ક્રેડિટ સુવિધા સંબંધિત માહિતી અથવા ડેટા અને

c. Default, if any, committed by the Borrower/Guarantor in discharge of his such obligation, as the Company may deem appropriate and necessary to disclose and furnish to Credit Information Company/ies and/or agency/ies authorized in this behalf by RBI or under any other Applicable Law;

ઋણધારક/જામીનદાર દ્વારા તેમની જવાબદારી નિભાવવામાં કરેલ નાદારી, જો કોઈ હોય તો, જે કંપનીને આ અંગે RBI દ્વારા અથવા અન્ય કોઈપણ લાગુ કાયદા હેઠળ ક્રેડિટ માહિતી કંપની/ઓ અને/અથવા એજન્સી/ઓ સમક્ષ જાહેર કરવી અને પૂરી પાડવી યોગ્ય અને જરૂરી લાગે;

v. The Borrower/Guarantor undertakes that the Credit Information Company/ies and/or agency/ies so authorized may

ઋણધારક/જામીનદાર બાંયધરી આપે છે કે ક્રેડિટ માહિતી કંપની/ઓ અને/અથવા એજન્સી/ઓને અધિકૃતતા છે કે તેઓ

i. Use, process the said information and data disclosed by the Company in the manner deemed fit by them; and ii. Furnish for consideration, the processed information and data or products thereof prepared by them, to banks/financial institutions and other credit grantors or registered users, as may be prescribed by the Reserve Bank of India in this behalf.
કંપની દ્વારા જાહેર કરાયેલી માહિતી અને ડેટાનો ઉપયોગ, તેના પર યોગ્ય લાગે તે રીતે પ્રક્રિયા કરી શકે છે; અને ii. આ બાબતે ભારતીય રિઝર્વ બેંક દ્વારા નિર્ધારિત કર્યા મુજબ, તેમના દ્વારા પ્રક્રિયા કરાયેલ માહિતી અને તૈયાર કરેલ તેના ડેટા અથવા ઉત્પાદનો બેંકો/નાણાકીય સંસ્થાઓ અને અન્ય ક્રેડિટ આપનારાઓ અથવા નોંધાયેલા વપરાશકર્તાઓને વિચારણા માટે આપી શકે છે. .

The Borrower/Guarantor further agrees and gives consent for disclosure by the Company all or any of the information of the Borrower/Guarantor to group companies, subsidiaries or any other person as the Company may deem fit.
ઋણધારક/જામીનદાર વધુમાં સંમત થાય છે અને કંપની દ્વારા ઋણધારક/જામીનદારની તમામ અથવા કોઈપણ માહિતી જૂથ કંપનીઓ, પેટાકંપનીઓ અથવા કંપની યોગ્ય ગણે તેવી કોઈપણ અન્ય વ્યક્તિને જાહેર કરવા માટે સંમતિ આપે છે.

w. The Borrower and Guarantor acknowledge that all the sums, interest, fees and Penal Charges are reasonable and that they represent a genuine pre-estimate of the loss likely to be incurred by the Company in an Event of Default.

ઋણધારક અને જામીનદાર સ્વીકારે છે કે બધી રકમ, વ્યાજ, ફી અને દંડ વાજબી છે અને તે નાદારીની ઘટનામાં કંપનીને થનારા નુકસાનનો વાસ્તવિક પૂર્વ અંદાજ રજૂ કરે છે.

x. The Borrower and Guarantor acknowledge that the Loan provided under this Agreement is for a commercial transaction and waive any defences or immunities available under applicable Law relating to the charging of Interest and Penal Charges.
ઋણધારક અને જામીનદાર સ્વીકારે છે કે આ કરાર હેઠળ આપવામાં આવેલી લોન કોમર્શિયલ ટ્રાન્ઝેક્શન માટે છે અને વ્યાજ અને દંડ વસૂલવા સંબંધિત લાગુ કાયદા હેઠળ ઉપલબ્ધ કોઈપણ બચાવ અથવા મુક્તિને છોડી દે છે.

y. The Borrower and Guarantor also acknowledge that the Parties' rights and obligations and the practical and legal effects of this Agreement have been explained and that the Agreement is a fair agreement and is not the result of any fraud, duress, coercion or undue influence.
ઋણધારક અને જામીનદાર એવું પણ સ્વીકારે છે કે પક્ષકારોના અધિકારો અને જવાબદારીઓ અને આ કરારના વ્યવહારિક અને કાનૂની પરિણામો સમજાવવામાં આવ્યા છે અને આ કરાર એક વાજબી કરાર છે અને તે કોઈપણ છેતરપિંડી, દબાણ, બળજબરી અથવા અનુચિત પ્રભાવનું પરિણામ નથી.

Cholamandalam Investment and Finance Company Ltd.
ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ,
Chola Crest, Plot Nos. C 54-55 & Super B-4, Thiru.Vi.Ka Industrial Estate,
Guindy, Chennai - 600032. India. Email: customercare@chola.murugappa.com
Guindy, Chennai - 600032. India. ઈમેલ: customercare@chola.murugappa.com
Toll- Free No.: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576
ટોલ-ફ્રી નં.::: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576

z. That the Company shall have the right to classify the Borrower and/or the Guarantor, as the case may be, as wilful defaulter on occurrence of a wilful default and report the same to the credit information companies(CIC) and publish the name, photograph of the wilful defaulter (including proprietors/ partners / directors/promoters of the Borrower and/or the Guarantor/persons in charge/responsible for the management of the affairs of the Borrower and/or the Guarantor, who have been declared as wilful defaulters) in newspaper(s) and/or such other mode at its sole discretion as deem fit, in compliance with the extent regulations of Reserve Bank of India(RBI).

કંપનીને રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (RBII)ના નિયમનોનું પાલન કરીને, ઇરાદાપૂર્વક નાદારી થવા પર ઇરાદાપૂર્વક નાદાર તરીકે ઋણધારક અને/અથવા જામીનદારને વર્ગીકૃત કરવાનો અને ક્રેડિટ માહિતી કંપનીઓ (CIC)ને તેની જાણ કરવાનો અને ઇરાદાપૂર્વક નાદાર (ઋણધારક અને/અથવા જામીનદારના માલિકો/ભાગીદારો/ડિરેક્ટરો/પ્રાયોજકો/ઋણધારક અને/અથવા જામીનદારના બાબતોના સંચાલન માટે જવાબદાર/ઉત્તરદાયી વ્યક્તિઓ સહિત કે જેમને ઇરાદાપૂર્વકના નાદાર જાહેર કરવામાં આવ્યા હોય)નું નામ, ફોટોગ્રાફ અખબાર(રો) અને/અથવા અન્ય કોઈપણ રીતે પ્રકાશિત કરવાનો અધિકાર રહેશે.

The terms 'wilful default' and 'wilful defaulter' shall have the meaning as ascribed to it under the Reserve Bank of India (Treatment of Wilful Defaulters and Large Defaulters) Directions, 2024, as amended or repealed from time to time.

"ઇરાદાપૂર્વકની નાદારી' અને 'ઇરાદાપૂર્વક નાદાર' શબ્દોનો અર્થ રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા (ઇરાદાપૂર્વક નાદાર અને મોટા નાદારની કાર્યવાહી) દિશાનિર્દેશો, 2024 હેઠળ આપવામાં આવેલ, સમયાંતરે સુધારેલા અથવા રદ કરવામાં આવ્યા હોય તે થશે.

In respect of the classification of the wilful defaulter, the Borrower and Guarantor further covenants that:

ઇરાદાપૂર્વક નાદારના વર્ગીકરણના સંદર્ભમાં, ઋણધારક અને જામીનદાર વધુમાં કરાર કરે છે કે:

(i) The Borrower has not been declared as a wilful defaulter. The Loan or any part thereof shall be utilised only for the purpose for which it is sanctioned. If the Company desires a specific certification from the Borrower or his/her auditor(s) regarding the usage of funds by the Borrower, the Company shall have the right to require the same from the Borrower or his/her auditor(s).

ઉધાર લેનારને ઇરાદાપૂર્વક ડિફોલ્ટ કરનાર (Wilful Defaulter) તરીકે જાહેર કરવામાં આવેલ નથી. લોન અથવા તેનો કોઈપણ ભાગ માત્ર તે હેતુ માટે જ ઉપયોગમાં લેવામાં આવશે, જેના માટે તે મંજૂર કરવામાં આવી છે. જો કંપની ઉધાર લેનાર દ્વારા ભંડોળના ઉપયોગ અંગે ઉધાર લેનાર અથવા તેના ઓડિટર(ઓ) પાસેથી કોઈ વિશિષ્ટ પ્રમાણપત્ર માંગે, તો કંપનીને ઉધાર લેનાર અથવા તેના ઓડિટર(ઓ) પાસેથી તે પ્રમાણપત્ર મેળવવાનો અધિકાર રહેશે.

14. LIABILITIES OF GUARANTOR:

જામીનદારની જવાબદારીઓ:

a. The Guarantor hereby guarantees to the Company that in the event of the Borrower failing to pay the Instalments on the Due Dates or discharge any of his liabilities under this Loan Agreement, the Guarantor assures, undertakes and holds himself liable to the Company to pay on demand any such amounts without dispute or demur. However, any failure or delay on the part of the Company to make a demand on the occurrence of any default shall not relieve the Guarantor of liability under this Loan Agreement.

જામીનદાર કંપનીને બાંયધરી આપે છે કે જો ઋણધારક આ લોન કરાર હેઠળ નિયત તારીખે હપ્તા ચુકવવામાં નિષ્ફળ જાય અથવા તેની કોઈપણ જવાબદારીઓ પૂર્ણ ન કરે, તો જામીનદાર કંપનીને ખાતરી આપે છે, સ્વીકારે છે અને વિવાદ અથવા અવરોધ વિના આવી કોઈપણ રકમ માંગ પર ચુકવવા માટે પોતાને જવાબદાર ઠેરવે છે. જોકે, કોઈપણ નાદારીની ઘટના અંગે માંગ કરવામાં કંપની તરફથી કોઈપણ નિષ્ફળતા અથવા વિલંબ આ લોન કરાર હેઠળ જામીનદારને જવાબદારીમાંથી મુક્ત કરશે નહીં.

b. The Guarantor's liability hereunder shall be co-extensive with that of the Borrower for all amounts remaining outstanding inclusive of Instalments, interest, Penal Charges, charges, fee, costs and any other dues whatsoever payable by the Borrower to the Company under this Loan Agreement.
આ લોન કરાર હેઠળ ઋણધારક દ્વારા કંપનીને ચુકવવાપાત્ર કોઈપણ હપ્તા, વ્યાજ, દંડ, ચાર્જ, ફી, ખર્ચ અને અન્ય કોઈપણ બાકી રકમ સહિત બાકી રહેલી તમામ રકમ માટે આ હેઠળ જામીનદારની જવાબદારી ઋણધારકની જવાબદારી સાથે સહ-અપરિમિત રહેશે.

c. The Guarantor agrees that his liability shall be that of a primary obligor and not merely as a surety and the guarantee shall not be impaired or discharged by reason of any facility or time given by the Company to the Borrower or any indulgence or forbearance shown in payment of any dues or repayment of the said loan under this Loan Agreement or in respect of any security proposed to be created. The Guarantor further agrees that any such facility, time or indulgence granted or forbearance shown shall be deemed to have been given after due notice to and with the Guarantor's consent.
જામીનદાર સંમત થાય છે કે તેની જવાબદારી પ્રાથમિક જવાબદાર વ્યક્તિ તરીકે રહેશે અને માત્ર જામીન તરીકે નહીં અને કંપની દ્વારા ઋણધારકને આપવામાં આવેલી કોઈપણ સુવિધા અથવા સમય અથવા આ લોન કરાર હેઠળ કોઈપણ બાકી રકમની ચુકવણી અથવા ઉપરોક્ત લોનની પરત ચુકવણીમાં દર્શાવવામાં આવેલી કોઈપણ છૂટછાટ અથવા સંયમને કારણે અથવા બનાવવા માટે સર્જવામાં આવનાર કોઈપણ સુરક્ષા અંગે બાંયધરી ને નબળી અથવા પૂર્ણ થયેલ નહીં બને. જામીનદાર વધુમાં સંમત થાય છે કે આવી કોઈપણ સુવિધા, સમય અથવા છૂટછાટ અથવા દર્શાવવામાં આવેલ સંયમ જામીનદારને યોગ્ય સૂચના આપ્યા પછી અને તેની સંમતિથી આપવામાં આવી હોવાનું માનવામાં આવશે.

d. The Company's rights against the Guarantor shall remain in full force and effect notwithstanding any arrangement which may be reached between the Company and other Guarantor, if any, or notwithstanding the release of that other's liability, the Company shall be at liberty to require the performance by the Guarantor of his obligations hereunder to the same extent in all respects as if the Guarantor had at all times been solely liable to perform the said obligations.
કંપની અને અન્ય જામીનદાર વચ્ચે થયેલ કોઈપણ વ્યવસ્થા, જો કોઈ હોય, છતાં પણ જામીનદાર સામે કંપનીના અધિકારો સંપૂર્ણ રીતે અમલમાં રહેશે, અથવા તે આવા અન્ય જામીનદારની જવાબદારીમાંથી મુક્તિ મળવા છતાં પણ કંપની જામીનદાર દ્વારા અહીં હેઠળની તેની જવાબદારીઓની તમામ બાબતોમાં જામીનદાર હંમેશા ઉપરોક્ત જવાબદારીઓ પૂર્ણ કરવા માટે સંપૂર્ણપણે જવાબદાર રહેલ હોય તેટલી હદ સુધી જામીનદાર દ્વારા તેની જવાબદારીઓ નિભાવવાની માંગ કરી શકશે.

e. The Guarantor hereby agrees that without his consent/concurrence, the Borrower and the Company shall be at liberty to vary, alter, or modify the terms and conditions of this Loan Agreement and in particular defer, postpone or revise the repayment of the Loan and/or payment of interest and other monies payable by the Borrower to the Company on such terms and conditions as may be considered necessary by the Company including any increase in the rate of interest in accordance with the provisions of this Loan Agreement.
જામીનદાર આથી સંમત થાય છે કે તેમની સંમતિ/મંજૂરી વિના, ઋણધારક અને કંપની આ લોન કરારની શરતો અને નિયમોમાં બદલાવ, ફેરફાર અથવા સુધારો કરવા માટે સ્વતંત્ર રહેશે અને ખાસ કરીને લોનની પરત ચુકવણી અને/અથવા આ લોન કરારની જોગવાઈઓ અનુસાર વ્યાજ દરમાં કોઈપણ વધારા સહિત કંપની દ્વારા જરૂરી જણાય તેવા નિયમો અને શરતો ઋણધારક દ્વારા કંપનીને ચુકવવાપાત્ર વ્યાજ અને અન્ય નાણાંની ચુકવણી, મોકૂફ રાખવા, મુલતવી રાખવા અથવા સુધારવા માટે સ્વતંત્ર રહેશે.

f. The Company shall have full liberty to exercise, without notice to the Guarantor and without in any way affecting this guarantee, at any time and in any manner any power or powers reserved to the Company under this Loan Agreement to enforce, or forbear to enforce payment of the installments or other monies due to the Company from the Borrower or any of the remedies, to enter into any composition or compound with or to grant time or any other indulgence or facility to the Borrower and the Guarantor shall not be released by the exercise by the Company of its liberty in regard to the matters referred to above or by any act or omission on the part of the Company or by any other matter or thing whatsoever which under the law relating to sureties would, but for this provision, have the

effect of so releasing the Guarantors and the Guarantor hereby waives in favour of the Company so far as may be necessary to give effect to any of the provisions of this guarantee, all the suretyship and other rights which the Guarantor might otherwise be entitled to enforce.
કંપનીને જામીનદારને સૂચના આપ્યા વિના અને આ બાંયધરીને કોઈપણ રીતે અસર થયા વિના, કોઈપણ સમયે અને કોઈપણ રીતે, ઋણધારક પાસેથી કંપનીને આપવાના હપ્તાઓ અથવા અન્ય નાણાંની ચુકવણી અથવા કોઈપણ ઉપાયોનો અમલ કરવા અથવા અમલમાં ધીરજ રાખવાની, ઋણધારક સાથે કોઈપણ પતાવટ અથવા બાંધછોડ કરવાની અથવા ઋણધારકને સમય અથવા અન્ય કોઈપણ છૂટછાટ અથવા સુવિધા આપવા માટેની આ લોન કરાર હેઠળ કંપની માટે અનામત રહેલ કોઈપણ સત્તા અથવા સત્તાઓનો ઉપયોગ કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા રહેશે અને જામીનદાર, કંપની દ્વારા ઉપરોક્ત બાબતોના સંદર્ભમાં તેની સ્વતંત્રતાનો ઉપયોગ કરવા અથવા કંપની તરફથી કોઈપણ કૃત્ય કરવા અથવા ન કરવાથી અથવા કોઈપણ અન્ય બાબત અથવા વસ્તુ દ્વારા મુક્ત થશે નહીં જે, આ જોગવાઈ સિવાય, જામીન સંબંધિત કાયદા હેઠળ, જામીનદારને મુક્ત કરવાની અસર ધરાવે છે અને જામીનદાર આથી કંપનીની તરફેણમાં જ્યાં સુધી આ બાંયધરીની જોગવાઈઓમાંની કોઈપણને અસર આપવા જરૂરી હોય તેટલી હદ સુધી જામીનદાર અન્યથા અમલ કરવા હકદાર હોય તેવી તમામ ખાતરીબદ્ધતા અને અન્ય તમામ હક્કો જતા કરે છે.,

g. This guarantee shall be enforceable against the Guarantor not withstanding that any security or securities for the payment of the Loan shall at the time when the proceedings are taken against the Guarantor on this guarantee, be outstanding or un-realised or lost.
જ્યારે આ બાંયધરી પર જામીનદાર સામે કાર્યવાહી કરવામાં આવે ત્યારે કોઈપણ સમયે લોનની ચુકવણી માટેની કોઈપણ સુરક્ષા અથવા સુરક્ષાઓ બાકી હોય, વસૂલ ન થઈ હોય અથવા નષ્ટ ગઈ હોય તેમ છતાં પણ આ બાંયધરી જામીનદાર સામે લાગુ પડવા પાત્ર રહેશે.

h. The Guarantor agrees that copy of the statement of accounts of the Company duly certified shall be binding on the Guarantor as the sums due and payable under this Loan Agreement.
જામીનદાર સંમત થાય છે કે કંપનીના એકાઉન્ટ્સના સ્ટેટમેન્ટની યોગ્ય રીતે પ્રમાણિત નકલ, આ લોન કરાર હેઠળ બાકી અને ચુકવવાપાત્ર રકમ તરીકે જામીનદાર પર બંધનકર્તા રહેશે.

i. The Guarantor's liability hereunder shall not in any way be affected by the bankruptcy or by any petition or resolution or order for bankruptcy of the Borrower being presented, passed or made or by any change in the constitution of the Company or the Borrower.
જામીનદારની જવાબદારી અહીં આપેલ દેવાળિયાપણા અથવા ઋણધારકના દેવાળિયાપણા માટે રજૂ કરાયેલ, પસાર કરાયેલ અથવા કરવામાં આવેલી કોઈપણ અરજી અથવા ઠરાવ અથવા આદેશ દ્વારા અથવા કંપની અથવા ઋણધારકના બંધારણમાં કોઈપણ ફેરફાર દ્વારા કોઈપણ રીતે પ્રભાવિત થશે નહીં.

j. The Guarantor hereby agrees and declares that the Borrower will be free to avail of further loans or other facilities in addition to the Loan and/or renew the same during the subsistence of this guarantee, in which event the guarantee herein contained will not be affected or vitiated in any way whatsoever but will remain in full force and effect and bind the Guarantor.
જામીનદાર આથી સંમત થાય છે અને જાહેર કરે છે કે ઋણધારક લોન ઉપરાંત વધુ લોન અથવા અન્ય સુવિધાઓ મેળવવા માટે મુક્ત રહેશે અને/અથવા આ બાંયધરીના અસ્તિત્વ દરમિયાન તેનું નવીકરણ (રિન્યૂ) કરી શકશે, જે કિસ્સામાં અહીં આપેલી બાંયધરી કોઈપણ રીતે પ્રભાવિત અથવા ક્ષતિગ્રસ્ત થશે નહીં પરંતુ તે સંપૂર્ણ અમલ અને અસરમાં રહેશે અને જામીનદારને બંધનકર્તા રહેશે.

k. The Guarantor hereby agrees that it shall not be necessary for the Company to exhaust its rights or take any action against the Borrower before requiring the Guarantor to make payment under this Loan Agreement.
જામીનદાર આથી સંમત થાય છે કે આ લોન કરાર હેઠળ જામીનદારને ચુકવણી કરવાની ફરજ પાડતા પહેલાં કંપનીએ તેના અધિકારોને વાપરી નાખવા અથવા ઋણધારક સામે કોઈ કાર્યવાહી કરવી જરૂરી રહેશે નહીં.

l. The Guarantor agrees to make the payments due and payable under this guarantee when demanded by the Company notwithstanding that a dispute is pending between the Company and the Borrower in respect of any provision of this Loan Agreement or any other related or concerned document.

આ લોન કરાર અથવા અન્ય કોઈપણ સંબંધિત અથવા જે તે દસ્તાવેજની કોઈપણ જોગવાઈના સંદર્ભમાં કંપની અને ઋણધારક વચ્ચે વિવાદ પડતર હોવા છતાં, જામીનદાર કંપની દ્વારા માંગવામાં આવે ત્યારે આ બાંયધરી હેઠળ બાકી અને ચુકવવાપાત્ર ચુકવણી કરવા સંમત થાય છે.

m. This guarantee shall be a continuing one and shall remain in full force and effect till such time the Borrower repays in full the loan together with all interests, penal charges, costs, charges and all other monies that may from time to time become due and payable andremaining unpaid to the Company under this Loan Agreement.
જ્યાં સુધી ઋણધારક તમામ વ્યાજ, દંડનીય ચાર્જ, ખર્ચ, ચાર્જ અને અન્ય તમામ નાણાં જે સમયાંતરે કંપનીને આપવાના અને ચુકવવાપાત્ર બની શકે છે અને આ લોન કરાર હેઠળ વણચૂકવેલ રહેલ હોય તે સાથે લોનની સંપૂર્ણ ચુકવણી ન કરે ત્યાં સુધી આ બાંયધરી ચાલુ રહેશે અને તે અમલમાં રહેશે.

n. The Guarantor agrees that notwithstanding any defect in or invalidation of this Loan Agreement and/ or incomplete documents or writings, this guarantee shall be valid and operative and the Guarantor shall not be discharged from his liability hereunder except by performance of this guarantee.
જામીનદાર સંમત થાય છે કે આ લોન કરારમાં કોઈપણ ખામી અથવા તેની અમાન્યતા અને/અથવા અપૂર્ણ દસ્તાવેજો અથવા લખાણો હોય તેમ છતાં પણ, આ બાંયધરી માન્ય અને કાર્યરત રહેશે અને જામીનદારને આ બાંયધરીના અમલ કર્યા સિવાય આમાંની તેની જવાબદારીમાંથી મુક્ત કરશે નહીં.

o. This guarantee shall not be wholly or partially satisfied or exhausted by any payment made to or settled with the Company by the Borrower and shall be valid and binding on the Guarantor and operative until Repayment in full of all the monies due to the Company under this Loan Agreement.
આ બાંયધરી ઋણધારક દ્વારા કંપનીને કરવામાં આવેલ અથવા તેની સાથે પતાવટ કરાયેલ કોઈપણ ચુકવણી દ્વારા સંપૂર્ણપણે અથવા આંશિક રીતે સંતોષાશે નહીં અથવા ખતમ થશે નહીં અને જામીનદાર પર માન્ય અને બંધનકર્તા રહેશે અને આ લોન કરાર હેઠળ કંપનીને બાકી રહેલા તમામ નાણાંની સંપૂર્ણ પરત ચુકવણી ન થાય ત્યાં સુધી કાર્યરત રહેશે.

p. This guarantee shall be irrevocable and shall be in full force and effect notwithstanding that the Company may have obtained any other guarantee, corporate or personal; to secure the Loan till such time all the dues of the Company including repayment of the Loan along with interest and all other expenses and dues are paid by the Borrower. This guarantee shall be binding upon the Guarantor's heirs, executors and administrators.
આ બાંયધરી રદ ન કરી શકાય તેવી છે અને કંપનીએ કોઈપણ અન્ય કોર્પોરેટ કે વ્યક્તિગત બાંયધરી મેળવી હોય તો પણ તે જ્યાં સુધી લોનની પરત ચુકવણી, વ્યાજ અને અન્ય તમામ ખર્ચાઓ અને બાકી રકમ સહિત કંપનીના તમામ બાકી રકમ ઋણધારક દ્વારા ચુકવવામાં ન આવે ત્યાં સુધી લોન સુરક્ષિત કરવા માટે સંપૂર્ણ રીતે અમલમાં રહેશે. આ બાંયધરી જામીનદારના વારસદારો, અમલકર્તાઓ અને વહીવટકર્તાઓ પર બંધનકર્તા રહેશે.

q. The Guarantor agrees, at the request of the Company, to sign, seal, execute and deliver any deed or other documents that may be necessary or required by the Company, in connection with the Guarantors liability hereunder or the enforcement thereof
કંપનીની વિનંતી પર, જામીનદાર સંમત થાય છે કે, જામીનદારની જવાબદારી અથવા તેના અમલીકરણના સંદર્ભમાં, કંપની દ્વારા આવશ્યક અથવા જરૂરી કોઈપણ દસ્તાવેજ અથવા અન્ય દસ્તાવેજો પર સહી કરશે, સિક્કો મારશે, અમલમાં મૂકશે અને પહોંચાડશે

r. The absence or infirmity of borrowing powers on the part of the Borrower or any irregularity in the exercise thereof shall not affect the Guarantor's liability and any moneys advanced/lent to the Borrower by the Company shall be deemed to be due and owing notwithstanding such absence, infirmity or irregularity
ઋણધારક તરફથી ઋણ લેવાની સત્તાઓ ગેરહાજરી અથવા નબળાઇ અથવા તેના ઉપયોગમાં કોઈપણ અનિયમિતતાથી જામીનદારની જવાબદારી પર અસર થશે નહીં અને કંપની દ્વારા ઋણધારકને આપવામાં આવેલ/ઉછીના આપેલ કોઈપણ નાણાં આવી ગેરહાજરી, નબળાઇ અથવા અનિયમિતતા હોવા છતાં, લેણાં અને બાકી ગણાશે

s. The Guarantor further agrees and undertakes to pay to the Company all legal costs occasioned to Company by reason of omission, default in repayment by the Borrower and in case of legal costs, also the costs of enforcement or attempted enforcement of any security in favour of the Company against the loan or the costs which may incur by the Company being joined in any proceeding either with or without others in connection with any such security or any proceeds thereof.

Cholamandalam Investment and Finance Company Ltd.
ચોલામંડલમ ઇન્વેસ્ટમેન્ટ એન્ડ ફાઇનાન્સ કંપની લિમિટેડ,
Chola Crest, Plot Nos. C 54-55 & Super B-4, Thiru.Vi.Ka Industrial Estate,
Guindy, Chennai - 600032. India. Email: customercare@chola.murugappa.com
Guindy, Chennai - 600032. India. ઈમેલ: customercare@chola.murugappa.com
Toll- Free No.: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576
ટોલ-ફ્રી નં.:: 1800 102 4565 | CIN: L65993TN1978PLC007576

જામીનદાર વધુમાં, ઋણધારક દ્વારા ચુકવણીમાં ડિફૉલ્ટ થવાને કારણે, અને કાનૂની ખર્ચના કિસ્સામાં, લોન સામે કંપનીના પક્ષમાં કોઈપણ સુરક્ષાના અમલીકરણ અથવા અમલીકરણના પ્રયાસનો ખર્ચ અથવા આવી કોઈપણ સુરક્ષા અથવા તેની કોઈપણ આવકના સંબંધમાં અન્ય લોકો સાથે અથવા તેના વિના કોઈપણ કાર્યવાહીમાં જોડાવાથી કંપનીને થઈ શકે તેવા ખર્ચ પણ ચુકવવા માટે સંમત થાય છે અને જવાબદારી લે છે.

t. The Guarantors agree and understand that the Guarantors shall not be entitled to delay the payment of the guaranteed amounts for any reason whatsoever or raise/look into or consider any controversy, question or dispute which may arise between the Company and Borrower as regard to the terms and conditions of the said Loan Agreement or the liability and/or payment of the amounts due thereunder
જામીમદારો સંમત થાય છે અને સમજે છે કે, જામીનદારો કોઈપણ કારણોસર બાંયધરીકૃત રકમની ચુકવણીમાં વિલંબ કરવા અથવા કંપની અને ઋણધારક વચ્ચે ઉક્ત લોનના કરારની શરતો અને નિયમો અથવા તેના હેઠળ બાકી રકમની જવાબદારી અને/અથવા ચુકવણી અંગે ઉદ્ભવતા કોઈપણ વિવાદ, પ્રશ્ન અથવા વિવાદ ઉઠાવવા/તેની તપાસ કરવા અથવા તેના પર વિચાર કરવા માટે હકદાર રહેશે નહીં

u. The obligations of the Guarantor as set out in this Clause shall survive the termination of this Agreement pursuant to Clause 11 and 12 (Termination and Company's Other Rights). The covenants, undertakings and liabilities of the Guarantor shall remain in full force and effect unless and until such time as all amounts due to the Company by the Borrower and all amounts due hereunder have been completely and duly paid to the Company to the complete and absolute satisfaction of the Company and the Company has in writing discharged the Borrower; however, if the obligations of the Guarantor under this Deed cease to be continuing for any reason, the liability of the Guarantor at the date of such cessation shall remain, regardless of any subsequent increase or reduction in the obligations of the Borrower under the Loan Documents.

આ કલમમાં નિર્ધારિત કરેલી જામીનદારની જવાબદારીઓ કલમ 11 અને 12 (સમાપ્તિ અને કંપનીના અન્ય અધિકારો) અનુસાર આ કરારની સમાપ્તિ પછી પણ ટકી રહેશે. જામીનદારના કરાર, બાંયધરી અને જવાબદારીઓ જ્યાં સુધી ઋણધારક દ્વારા કંપનીને ચુકવવાની બાકી રહેલી બધી રકમ અને અહીં આપેલી બધી રકમ કંપનીના સંપૂર્ણ અને તદ્દન સંતોષ માટે સંપૂર્ણપણે અને યોગ્ય રીતે ચુકવવામાં ન આવે અને કંપની લેખિતમાં ઋણધારકને મુક્ત ન કરે ત્યાં સુધી સંપૂર્ણ રીતે અમલમાં અને પ્રભાવમાં રહેશે; જોકે, જો આ ખત હેઠળ જામીનદારની જવાબદારીઓ કોઈપણ કારણોસર ચાલુ રહેવાનું બંધ થાય, તો લોન દસ્તાવેજો હેઠળ ઋણધારકની જવાબદારીઓમાં કોઈપણ અનુગામી વધારો અથવા ઘટાડો હોવા છતાં, આવી સમાપ્તિની તારીખે જામીનદારની જવાબદારી યથાવત રહેશે.

15. INSURANCE:

વીમો:

a. At the request of the Borrower, the Company may at its own discretion also finance the insurance premium of an insurance policy insuring the Borrower against various risks including without limitation the risks of personal accident, accidental hospitalization, Outstanding Dues to the Company and/or critical illness provided that such insurance policy has been taken out by the Company on behalf of the Borrower from an insurance company approved by theCompany with a specific instruction and authority by the Borrower to such insurance company that in case of any loss, the loss will be paid to the Company by such insurance company. The Borrower hereby irrevocably authorises the Company to claim insurance proceeds and appropriate the same thereof against the amount due and payable under this Agreement. The insurance premium paid by the Company on behalf of the Borrower shall be added as the principal amount to the Loan granted herein and shall from part of the Loan. The insurance premium being a part of Loan may be disbursed by the Company directly to such an insurance company approved by the Company and such disbursement shall be deemed to be disbursement to the Borrower.

ઋણધારકની વિનંતી પર, કંપની પોતાની વિવેકબુદ્ધિથી, વ્યક્તિગત અકસ્માત, આકસ્મિક હોસ્પિટલમાં દાખલ થવા, કંપનીને બાકી લેણાં અને/અથવા ગંભીર બીમારીના જોખમો સહિત વિવિધ જોખમો સામે ઋણધારકને વીમો આપતી વીમા પોલિસીના વીમા પ્રીમિયમ માટે પણ નાણાં પૂરા પાડી શકે છે, તે એ શરતે કે આવી વીમા પોલિસી કંપની દ્વારા ઋણધારક વતી કંપની દ્વારા મંજૂર કરાયેલ વીમા કંપની પાસેથી લેવામાં આવી હોય, જેને ઋણધારક દ્વારા આવી વીમા કંપનીને ચોક્કસ સૂચના અને સત્તા સાથે આપવામાં આવી હોય કે કોઈપણ નુકસાનના કિસ્સામાં, નુકસાન આવી વીમા કંપની દ્વારા કંપનીને ચુકવવામાં આવશે. આથી ઋણધારક કંપનીને આ ધિરાણ કરાર હેઠળ બાકી રહેલી અને ચુકવવાપાત્ર રકમ સામે વીમાની રકમનો દાવો કરવા અને તેમાંથી રકમ મેળવવા માટે અફર રીતે અધિકૃત કરે છે. કંપની દ્વારા ઋણધારક વતી ચુકવવામાં આવેલ વીમા પ્રીમિયમ અહીં આપવામાં આવેલ લોનમાં મુખ્ય રકમ તરીકે ઉમેરવામાં આવશે અને તે લોનનો ભાગ રહેશે. લોનનો ભાગ હોવાથી, કંપની દ્વારા માન્ય વીમા કંપનીને સીધું વીમા પ્રીમિયમ ચુકવી શકાય છે અને આવી ચુકવણીને ઋણધારકને કરેલી ચુકવણી માનવામાં આવશે.

b. In case, Borrower has chosen an insurance cover and is a member of 'Group Insurance Policy' taken by the Company, the Company shall have the right to appropriate insurance claim paid thereunder towards the Outstanding Dues. If after such appropriation, there be any surplus leftover, it shall be paid to the Borrower. If there is any deficit, then the Borrower shall be liable to pay entire deficit forthwith.

જો ઋણધારકે વીમા કવચ પસંદ કર્યું હોય અને કંપની દ્વારા લેવામાં આવેલી 'જૂથ વીમા પોલિસી'નો સભ્ય હોય, તો કંપનીને બાકી લેણાં માટે તે હેઠળ ચુકવવામાં આવેલા વીમા દાવાને સમુચિત કરવાનો અધિકાર રહેશે. જો આવા વિનિયોગ પછી, કોઈ વધારાની સિલક રહે, તો તે ઋણધારકને ચુકવવામાં આવશે. જો કોઈ ખાધ હોય, તો ઋણધારક તાત્કાલિક સંપૂર્ણ ખાધ ચુકવવા માટે જવાબદાર રહેશે.

16. GENERAL TERMS:

સામાન્ય શરતો:

1. The Borrower hereby agrees and confirm that the Company shall have the right to cross sell its other products and services and the products and services of its Affiliates, to the Borrower along with the Loan.
ઋણધારક આથી સંમત થાય છે અને પુષ્ટિ આપે છે કે કંપનીને લોન સાથે ઋણધારકને તેના અન્ય ઉત્પાદનો અને સેવાઓ અને તેના સહયોગીઓના ઉત્પાદનો અને સેવાઓનું ક્રોસ વેચાણ કરવાનો અધિકાર રહેશે.

2. The Borrower shall pay any and all stamp duty, stamp duty penalties and similar taxes and duties which are or may become payable in connection with the entry into, performance or enforcement of this Agreement and/or Loan Documents whether at the time of execution or thereafter. The Borrower hereby agrees that in case the Company is required to make any payments such as stamp duty, stamp duty penalty and/or any other charges and/or duties on and in relation to this Agreement and/ or Loan Documents or any other underlying/associated documents, whether at the time of the execution or thereafter then the Company shall be entitled/authorised to recover the same from the Borrower.
